RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 58* Date: 17.12.2022, Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# બિલાવલ ભુટ્ટોએ પીએમ નરેન્દ્ર મોદીને કસાઈ સુદ્ધા કહી નાખ્યા

વોશિગ્ટન,તા.૧૬

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતની ફટકારથી ધૂંધવાઈ ઉઠેલા પાકિસ્તાને હવે કોઈ ચારો ન બચતા પીએમ નરેન્દ્ર મોદી પર આપત્તિજનક ટિપ્પણી કરી નાખી. પાકિસ્તાનના વિદેશમંત્રી બિલાવલ ભુટ્ટોના એક આપત્તિજનક નિવેદનમાં પાડોશી દેશની અકળામણ સ્પષ્ટ નજરે ચડી. યુએનની બેઠકોમાં સામેલ થવા માટે ન્યૂયોર્ક પહોંચેલા બિલાવલ ભુટ્ટોએ પીએમ મોદીને કસાઈ સુદ્ધા કહી નાખ્યા. આ અગાઉ ભારતે ૯/૧૧ ના માસ્ટરમાઈન્ડ ઓસામા બિન લાદેનને શરણ આપવા મુદ્દે પાકિસ્તાનની શાબ્દિક ધોલાઈ કરી હતી.

નિવેદનમાં ભુટ્ટોએ કહ્યું કે 'હું જણાવવા (ભારતને) માંગુ છું કે ઓસામા બિન લાદેન મરી ચૂક્યો છે પરંતુ કસાઈ જીવતો છે. પીએમ મોદીને અમેરિકાએ વિઝા આપવાની પણ ના પાડી દીધી હતી. જ્યારે તેઓ પીએમ બન્યા ત્યારે તેમને વિઝા મળ્યા. તેઓ આરએસએસના પીએમ છે અને તેના જ વિદેશમંત્રી પણ. આરએસએસ શું છે? તે હિટલરની 'એસએસ'થી પ્રેરણા લે છે.'બિલાવલ ભુટ્ટો ઝરદારીએ ન્યૂયોર્કમાં તેમની પ્રેસ મીટમાં પીએમ મોદીને 'ગુજરાતનો કસાઈ' કહ્યા છે. બિલાવલે કહ્યું, ×ઓસામા બિન લાદેન મરી ગયો છે, પરંતુ



ગુજરાતનો કસાઈ નરેન્દ્ર મોદી હજી જીવે છે.

બિલાવલે ન્યૂયોર્કમાં એક પ્રેસ કોન્ફરન્સમાં પત્રકારોને કહ્યું કે ભારત સરકાર ગાંધીની વિચારધારામાં નથી, પરંતુ તેમના હત્યારાના સિદ્ધાંતોમાં વિશ્વાસ રાખે છે. તેમણે કહ્યું કે ભારત સરકાર હિટલરથી પ્રભાવિત છે. પાકિસ્તાનમાં આતંકવાદને પ્રોત્સાહન આપવામાં ભારતની ભૂમિકાની નિંદા કરતા વિદેશ મંત્રીએ કહ્યું કે પાકિસ્તાનમાં આતંકવાદી તત્વોને પાડોશી દેશ તરફથી સમર્થન મળી રહ્યું છે. તેમણે કહ્યું કે વિદેશી તત્વો બલૂચિસ્તાનમાં અસ્થિરતા પેદા કરવાનો સક્રિય પ્રયાસ કરી રહ્યા છે.બિલાવલે કહ્યું કે લાહોરના જૌહર ટાઉન બ્લાસ્ટમાં ભારતીય સંડોવણીના પુરાવા છે. તેમણે માગણી કરી હતી કે પાકિસ્તાનમાં આતંકવાદ માટે જવાબદાર તત્વોને ન્યાયના કઠેડામાં લાવવામાં આવે. તેમણે કહ્યું કે પાકિસ્તાનમાં આતંકવાદને વિદેશથી પ્રાયોજિત કરવામાં આવે છે. તેમણે સરહદ પારથી આતંકવાદી જૂથોને તાલીમ અને નાણાકીય સહાય મેળવવાથી રોકવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. વિદેશ મંત્રીએ કહ્યું કે પાકિસ્તાનને આતંકવાદ સામેની લડાઈમાં તેની સિદ્ધિઓ પર ગર્વ છે, કારણ કે દેશે આતંકવાદ વિરુદ્ધ નેશનલ એક્શન પ્લાન અંગે નક્કર પગલાં લીધાં છે.તેમણે કહ્યું કે ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સએ આતંકવાદી ફંડિંગ રોકવાના પાકિસ્તાનના પગલાંને સમર્થન આપ્યું છે. બિલાવલે એમ પણ કહ્યું કે આતંકવાદ માટે મુસ્લિમ દેશોને દોષી ઠેરવવો ખોટું છે, કારણ કે આતંકવાદ કોઈ ધર્મ કે ક્ષેત્ર સાથે સંબંધિત નથી. તેમણે કહ્યું કે ૨૦૦૧થી આતંકવાદે મુખ્યત્વે મુસ્લિમોને નિશાન બનાવ્યા છે. આ સિવાય કરાચીમાં ચીની નાગરિકોને નિશાન બનાવવાની ઘટનાઓ પણ સામે આવી છે.આ અગાઉ ભારતના વિદેશમંત્રી એસ જયશંકરે ચીન અને પાકિસ્તાન તરફથી અપનાવવામાં આવી રહેલા આતંકવાદને લઈને બેવડા માપદંડ પર નિશાન સાધ્યું અને કહ્યું કે આંતરરાષ્ટ્રીય સમુદાયને સામુહિક રીતે તે દેશો વિરુદ્ધ કાર્યવાહી કરવી જોઈએ જે તેનો રાજનીતિક રીતે ફાયદો ઉઠાવવાની કોશિશ કરી રહ્યા છે. જયશંકરે પરિષદને પોતાના આતંકવાદ વિરોધી એજન્ડાને ફરીથી મજબૂત કરવા માટે કહ્યું. તેમણે કહ્યું કે આતંકવાદનું જોખમ વાસ્તવમાં વધુ ગંભીર થઈ ગયું છે. તેમણે આતંકવાદીઓ તરફથી અપનાવવામાં આવી રહેલી નવી અને ઉભરતી ટેક્નોલોજી વિરુદ્ધ સતર્કતા વર્તવાનું કહ્યું. જયશંકરે અમેરિકી નેતા હિલેરી ક્લિન્ટનના ભારતના પાડોશી દેશ પર અપાયેલા નિવેદનને પણ દોહરાવ્યું જેમાં તેમણે કહ્યું હતું કે જે લોકો પોતાના આંગણામાં સાપ ઉછેરે છે તે સાપ એક દિવસ તેમને જ ડસી જાય છે. જયશંકર પાકિસ્તાનના વિદેશ રાજ્યમંત્રી હિના રબ્બાની ખારના હાલના આરોપ પર પૂછાયેલા સવાલનો જવાબ આપી રહ્યા હતા. ખારે આરોપ લગાવ્યો હતો કે આતંકવાદનો ઉપયોગ ભારત કરતા સારી રીતે અન્ય કોઈ દેશે કર્યો નથી. ત્યારે જયશંકરે કહ્યું હતું કે ખારે જે કહ્યું છે, મે તે સંલગ્ન ખબરો જોઈએ છે. જ્યાં સુધી મને યાદ છે, લગભગ એક દાયકા કરતા પણ અગાઉ જ્યારે હિલેરી ક્લિન્ટરને પાકિસ્તાનનો પ્રવાસ ખેડ્યો હતો ત્યારે હિના રબ્બાની મંત્રી હતા.

# ભારતમાં પેટ્રોલ અન્ય દેશોની સરખામણીમાં સસ્તુ, ૬ રાજ્યોએ તો વેટ પણ નથી ઘટાડ્યુ: મંત્રી હરદીપ પુરી

નવીદિલ્હી,તા.૧૬

કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યુ કે હાલની વૈશ્વિક સ્થિતિ અને આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલની કિંમતોને જોતા અન્ય દેશોની સરખામણીમાં ભારતમાં પેટ્રોલની કિંમતો સૌથી ઓછી છે. લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન સવાલોના જવાબ આપતા કેન્દ્રીય મંત્રી પુરીએ કહ્યુ કે અમુક રાજ્યોએ કેન્દ્ર દ્વારા એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડા બાદ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો કરવા માટે વેટમાં ઘટાડો કર્યો હતો. જ્યારે અમુક વિપક્ષ શાસિત રાજ્યોએ આવુ કર્યુ નથી. બિન-ભાજપ રાજ્યો રૂ. ૩૨ના દરે વસૂલ કરી રહ્યા છે બિન-ભાજપ રાજ્યો રૂ. ૩૨ના દરે વસૂલ કરી રહ્યા છે

કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ જણાવ્યુ હતુ કે છ બિન-ભાજપ શાસિત રાજ્યો - પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, કેરળ અને ઝારખંડે પેટ્રોલિયમ ઉત્પાદનો પરનો વેટ ઘટાડ્યો નથી, જેના કારણે ત્યાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થયો છે. હરદીપ સિંહ પુરીએ કહ્યુ, 'છ રાજ્યો - પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, આંધ્ર પ્રદેશ, તેલંગાણા, કેરળ અને ઝારખંડે વેટ ઘટાડ્યો નથી. તેમાંથી કેટલાક રૂ. ૧૭ના દરે વેટ વસૂલી રહ્યા છે અને અન્ય બિન-ભાજપ રાજ્યો રૂ. ૩૨ના દરે વસૂલ કરી રહ્યા છે. તેથી ભાવમાં તફાવત છે. જ્યારે સભ્યો કહેતા હતા કે આજે અમુક જગ્યાએ કે જે બિન-ભાજપ રાજ્યો છે ત્યાં પેટ્રોલનો ભાવ ૧૦૦ રૂપિયા પ્રતિ લીટર છે ત્યારે અન્ય રાજ્યોમાં તે ૮-૧૦ રૂપિયા સસ્તુ છે.

'અમે ૨૦૨૧ અને ૨૦૨૨માં વેટમાં બે વાર ઘટાડો કર્યો' 'અમે ૨૦૨૧ અને ૨૦૨૨માં વેટમાં બે વાર ઘટાડો કર્યો' હરદીપ સિંહ પુરીએ કહ્યુ કે, 'કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલના ભાવને વાજબી સ્તરે જાળવી રાખવા માટે નવેમ્બર ૨૦૨૧ અને મે ૨૦૨૨માં એક્સાઈઝ ડ્યૂટી (વેટ)માં બે વાર ઘટાડો કર્યો હતો. મને તમને જણાવતા આનંદ થાય છે કે કેટલાક અન્ય રાજ્યોએ વેટમાં ઘટાડો કર્યો છે. હવે આપણી પાસે એવી સ્થિતિ છે કે કેટલાક રાજ્યો, હું તેમને ભાજપ શાસિત રાજ્યો નથી કહી રહ્યો પરંતુ એક કે બે અન્ય રાજ્યો એવા છે જેમણે તેમના વેટમાં ઘટાડો કર્યો છે. તેમાંથી કેટલાક ૧૭ના દરે વેટ વસૂલી રહ્યા છે.

હરદીપ સિંહ પુરીએ કહ્યુ કે હાલમાં પેટ્રોલની કિંમત ભારતમાં સૌથી ઓછી છે. તેમણે કહ્યુ કે, 'આંતરરાષ્ટ્રીય બજારોમાં ક્રૂડ ઓઈલની વધતી કિંમતોને કારણે ઓઈલ માર્કેટિંગ કંપનીઓને કુલ રૂ. ૨૭,૨૭૬ કરોડનુ નુકસાન થયુ છે. હું સૂચન કરુ છુ કે વિપક્ષના સાંસદો વેટ ઘટાડવા માટે તેમની રાજ્ય સરકારોને પ્રભાવિત કરી શકે છે.' પુરીએ કહ્યુ કે ભારત તેની જરૂરિયાતના ૮૫ ટકાથી વધુ ક્રૂડ ઓઈલની આયાત કરે છે. તેથી દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ આંતરરાષ્ટ્રીય બજારમાં તેમના સંબંધિત ભાવો સાથે જોડાયેલા છે.

# કેન્દ્ર સરકાર હજૂ ત્રણ મહિના સુધી વન રેંક, વન પેન્શનમાં બાકીના નાણા ચુકવી શકશે નહીં

નવીદિલ્હી,તા.૧૬

કેન્દ્ર સરાકરે સશસ્ત્ર દળોના તમામ યોગ્ય પેન્શનધારકોને વન રેંક-વન પેન્શન યોજનાના બાકી રુપિયાની ચુકવણી માટે ૧૫ માર્ચ ૨૦૨૩ સુધીનો સમય વધારવાની માગ કરતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી છે. જૂનમાં પહેલી વાર સુપ્રીમ કોર્ટમાં ગણતરી કરવા અને ચુકવણી કરવા માટે ત્રણ મહિનાની સમય માગ્યા બાદ કેન્દ્ર તરફથી બાકીની રકમ ચુકવણી માટે બીજી વાર વધારાના સમયની માગ કરી છે.સુપ્રીમ કોર્ટે ૧૬ માર્ચે કેન્દ્ર દ્વારા અપનાવવામાં આવેલા ઓઆરઓપી સિદ્ધાંતને ચાલુ રાખતા કહ્યું હતું કે, આ કોઈ પણ સંવૈધાનિક કમીથી ગ્રસ્ત નથી અને ન તો મનમાની છે. કોર્ટે સરકારને ત્રણ મહિનાની અંદર બાકીનું ચુકવણું કરી દેવા કહ્યું હતું. કેન્દ્ર સરકારે પોતાની નવી અરજીમાં કહ્યું કે, રક્ષા લેખા મહાનિયંત્રક કાર્યાલયથી રક્ષા મંત્રાલયના પૂર્વસૈનિક કલ્યાણ વિભાગે માર્ચ ૨૦૨૨માં પેન્શનના આગામી સંશોધન માટે સારિણી તૈયાર કરવા માટે કહ્યું હતું. વડી અદાલતે ૧૬ માર્ચ ૨૦૨૨ના નિર્ણયને તાત્કાલિક બાદ આ પગલું ઉઠાવ્યું હતું.

કેન્દ્રએ અરજીમાં કહ્યું કે, સીજીડીએ કાર્યાલયે અમુક મુદ્દા ઉઠાવવા પર વિભાગ પાસેથી સ્પષ્ટીકરણ માગ્યું હતું. તેણે કહ્યું કે, વિભાગ તરફથી એપ્રિલ ૨૦૨૨માં જરુરી સ્પષ્ટીકરણ જાહેર કરવામાં આવશે. કેન્દ્રએ કહ્યું કે, બંને હિતધારક વિભાગ પાસેથી મળેલી ટિપ્પણીને સામેલ કરતા એક અંતિમ કેબિનેટ નોટ તૈયાર કરી છે.

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં દાખલ અરજીમાં કહ્યું કે, મંત્રીમંડળની મંજૂરી બાદ સીજીડીએ દ્વારા અલગ પ્રકારની પેન્શન સારિણી તૈયાર કરવાની જરુર હોય છે. આ પ્રક્રિયામાં ઘણો સમય લાગી શકે છે અને તે ૧૫ માર્ચ ૨૦૨૩ સુધી વધારવાની જરુર છે.

# વીરભૂમ મામલાના આરોપીના મોત પર સીબીઆઇ અધિકારી ફસાયા

## સાત અધિકારીઓ ઉપર ૩૦૨નો કેસ દાખલ

કોલકતા,તા.૧૬

વીરભુમ હિંસાના મામલાના આરોપીની કસ્ટોડિયલ ડેથના મામલામાં સીબીઆઇના અધિકારી જ ફસાઇ ગયા છે.બંગાળ પોલીસે આ મામલામાં કેન્દ્રીય એજન્સીના સાત અધિકારીઓ પર હત્યાનો કેસ દાખલ કર્યો છે. પોલીસનું કહેવુ છે કે મામલામાં કાનુનના હિસાબથી કાર્યવાહી કરવામાં આવી રહી છે જે અધિકારીઓના નામ એફઆઈઆરમાં સામેલ કરવામાં આવ્યા છે.તેમાં સીબીઆઇના ડીઆઇડી અને એસપી રેંતના અધિકારી સામેલ છે.બીજીબાજુ પશ્ચિમ બંગાળની સીઆઇડીના પગલા બાદ સીબીઆઈએ કોલકતા હાઈકોર્ટનું વલણ કર્યું છે.અદાલતથી અપીલ કરી છે કે તે આ મામલામાં સીબીઆઇના અધિકારીઓની વિરૂધ્ધ કોઇ દંડાત્મક પગલા ન ઉઠાવે કોર્ટે સીઆઇડીને આદેશ આપ્યો છે કે તે હાલ સખ્ત પગલા ઉઠાવવાથી બચે મામલાની તપાસ સીઆઇડી




જ કરશે પરંતુ તેને પુરાવાની વીડિયોગ્રાફી કરાવવી પડશે .સીબીઆઈએ લલન શેખ નામના વ્યક્તિને વીરભૂમ મામલામાં હિરાસતમાં લીધો હતો ટીએમસીના નેતા ભાદુ શેખની હત્યાના મામલામાં તે એકલો એવો વ્યક્તિ છે જેના પર સૌથી વધુ શક છે રામપુર હાટમાં થયેલ બ્લાસ્ટના મામલામાં તેની ધરપકડ કરવામાં આવી હતી પરંતુ બાદમાં તેને સીબીઆઇએ પોતાની હિરાસતમાં લીધો હતો એજન્સીનું કહેવુ છે કે તેની ટેરટેરી કચેરીના ટોયલેટમાં લલન શેખે ખુદને ફાંસી લગાવી લીધી હતી લલન શેખની પત્ની રેશ્માએ આ મામલાને લઇ રામપુર હાટ પોલીસની પાસે ફરિયાદ નોંધાવી હતી તેનું કહેવુ હતું કે સીબીઆઇના અધિકારી સતત તેના પતિને મારવાની ધમકી આપી રહ્યાં હતાં રેશ્માનું કહેવુ છે કે એજન્સીના અધિકારીઓએ જ તેના પતિનો જીવ લીધો છે પશ્ચિમ બંગાળની સીબીઆઇ સલીમ શેખ મામલાની તપાસ કરી રહી છે.

રામપુર હાટની પોલીસનું કહેવુ છે કે જે પધ્ધતિથી સલીમ શેખની હત્યા થઇ તે ખુબ ગુંચવણવાળી છે તે સીબીઆઇની વીરભૂમ કચેરીમાં હતો તેને એજન્સીએ પોતાની સીધી કસ્ટડીમાં રાખ્યો હતો આ તેમની જવાબદારી હતી કે સલીમનું ધ્યાન રાખવું જોઇએ જે રીતે મામલામાં તે આરોપી છે તેના જીવન પર પહેલા જ ખતરો હતો પરંતુ એજન્સીની કચેરીમાં બનેલ ટોયલેટમાં તે ફાંસી પર લટકેલો જોવા મળ્યો આ વાત ગળે ઉતરે તેવી નથી કે સલીમે આત્મહત્યા કરી.

# ઉત્તર પ્રદેશ: નકલી એકાઉંટર કેસમાં ૪૩ પોલીસકર્મીઓને હાઈકોર્ટે ફટકારી ૭ વર્ષની સજા

લખનૌ,તા.૧૬

અલ્હાબાદ હાઈકોર્ટે ૧૯૯૧ પીલીભીત નકલી એકાઉંટર મામલામાં ૪૩ પોલીસકર્મીઓની આજીવન કેદની સજાને ૭ વર્ષ સશ્રમ જેલવાસમાં બદલી નાખી છે. આ નકલી એકાઉન્ટરમાં ૧૦ સિખોને આતંકવાદી ગણાવીને તેમની હત્યા કરી દીધી હતી. હાઈકોર્ટે નીચલી અદાલત દ્વારા પોલીસકર્મીઓને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ અંતર્ગત સંભળાવેલી સજાને નકારતા કહ્યું કે, આ મામલામાં ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૩ અપવાદ ૩ અંતર્ગત આવે છે, હત્યાનો મામલો બને છે. જો અપરાધી લોક સેવક હોવા અથવા સેવકની સહાયતા કરવાના કારણે કોઈ આવા કામ દ્વારા મૃત્યુ કારિત કરે છે, તો તે વિધિસમ્મત સમજે છે.

હાઈકોર્ટની લખનઉ પીઠે નિર્દેશ આપ્યા છે કે, દોષિત પોતાની જેલની સજા કાપશે અને દરેક પર ૧૦-૧૦ હજાર રૂપિયાનો દંડ પણ લગાવ્યો છે. આ આદેશ ન્યાયમૂર્તિ રમેશ સિન્હા અને ન્યાયમૂર્તિ સરોજ યાદવની ખંડપીઠે અભિયુક્ત પોલીસકર્મીઓ દેવેન્દ્ર પાંડે તથા અન્ય તરફથી દાખલ કરવામાં આવેલી અપીલો પર સુનાવણી બાદ પસાર કરી હતી. ૧૨ જૂલાઈ ૧૯૯૧ના રોજ નાનકમથા પટના સાહિબ, હુઝૂર સાહિબ તથા અન્ય તીર્થ સ્થળની યાત્રા કરી રહેલા ૨૫ સિખોનું ગ્રુપ બસમાં પરત ફરી રહ્યું હતું. પીલીભીતના કછાલા ઘાટ પાસે પોલીસે બસ રોકી અને ૧૧ યુવકોને ઉતારી અને વાદળી બસમાં બેસાડી દીધા. તેમાંથી ૧૦ની લાશ મળી, જ્યારે શાહજહાંપુરના તલવિંદર સિંહનો આજ સુધીમાં કોઈ પત્તો નથી મળ્યો.

પોલીસે આ મામલાને લઈને પૂરનપુર, ન્યૂરિયા અને બિલસંડા પોલીસ ચોકીમાં ૩ અલગ અલગ કેસ નોંધેલા હતા. વિવેચના બાદ પોલીસે ફાઈનલ રિપોર્ટ લગાવી દીધો હતો. એક વકીલે સુપ્રીમ કોર્ટમાં જાહેરહીતની અરજી કરી, સુનાવણી બાદ સુપ્રીમ કોર્ટે ૧૫ મે ૧૯૯૨ના રોજ આ કેસની તપાસ સીબીઆઈને સોંપી દીધી. સીબીઆઈએ આ મામલાની વિવેચના બાદ ૫૭ પોલીસકર્મી વિરુદ્ધ પુરાવાના આધાર પર ચાર્જશીટ દાખલ કરી.

# પાકિસ્તાનને સણસણતો જવાબ- "ઘરમાં સાપ પાળશો, તો તમને જ ડંખશે, સુધરી જાઓ : એસ જયશંકર

નવીલ્હિી,તા.૧૬

આતંકવાદના પાલક પાકિસ્તાનને ભારતીય વિદેશમંત્રી ડો. એસ જયશંકરે ફરી એક વખત વૈશ્વિક મંચ પર બરાબર ધોયું છે. હકીકતમાં પાકિસ્તાનના પૂર્વ મંત્રી હિના રબ્બાની ખારે ભારત પર આરોપ લગાવ્યો કે આંતકવારને ભારતથી સારી રીતે કોઇ ઉપયોગમાં નથી લઇ રહ્યું. આ અંગે જ્યારે એક પાકિસ્તાની પત્રકારે એસ જયશંકરને સવાલ કર્યો તો તેમણે પાકિસ્તાનને અરીસો બતાવી દીધો હતો. જયશંકરે અમેરિકાના પૂર્વ સેક્રેટરી હિલેરી ક્લિન્ટનની વર્ષ ૨૦૧૧ની પાકિસ્તાનની મુલાકાત સમયે તેમણે આપેલા નિવેદનને યાદ અપાવ્યું. જેમાં તેમણે 'સાપ' શબ્દનો ઉપયોગ કર્યો હતો.

પાકિસ્તાન મંત્રીના આરોપોનો જવાબ આપતા જયશંકરે કહ્યું કે, 'મને યાદ છે કે તે સમયે હિના રબ્બાની પાકિસ્તાનના મંત્રી હતા. એક દાયકા પહેલા હિલેરી ક્લિન્ટને પોતાની પાકિસ્તાન યાત્રા દરમિયાન કહ્યું હતું કે, જો તમે તમારા બેકયાર્ડમાં સાપ



રાખો છો તો તમે તેવી આશા ન રાખી શકો કે તે માત્ર તમારા પાડોશીઓને જ કરડશે, તે તમને પણ કરડશે. પરંતુ તમે જાણો જ છો પાકિસ્તાનને સારી સલાહ માનવી પસંદ નથી. તમે જોઇ શકો છો ત્યાં શું થઇ રહ્યું છે.'

જયશંકરે વધુ કડક શબ્દોમાં પાકિસ્તાનને ફરી વિશ્વ સામે ઉઘાડું કરતા કહ્યું કે, "તે જે કહે છે તેના પરથી દરેક વ્યક્તિ અને આખું વિશ્વ જાણે છે કે પાકિસ્તાન આતંકવાદનું એપીસેન્ટર છે. હું જાણું છું કે આપણે અઢી વર્ષથી કોવિડમાંથી પસાર થયા છીએ અને પરિણામે આપણામાંના ઘણા લોકોને મગજમાં નથી. પરંતુ હું તમને ખાતરી આપું છું કે વિશ્વ એ ભૂલ્યું નથી કે આતંકવાદ ક્યાંથી આવે છે, જેમની પાસે આ ક્ષેત્રમાં અને આ ક્ષેત્રની બહારની ઘણી પ્રવૃત્તિઓ પર તેમનો હાથ છે. તેથી બીજાને સલાહ આપતા પહેલા તેઓ શું કરી રહ્યા છે તે પણ જોવું જોઇએ."

જ્યારે પાકિસ્તાની પક્ષકારે જયશંકરને સવાલ કર્યો કે દક્ષિણ એશિયામાં આતંકવાદ યથાવત રહેશે? તો જવાબમાં વિદેશમંત્રીએ કહ્યું કે, જ્યારે તમે તે પૂછો છો કે આ ક્યાં સુધી ચાલશે તો તમે ખોટા મંત્રીને પૂછી રહ્યા છે. આ તો માત્ર પાકિસ્તાનના મંત્રીઓ જ છે જે તમને કહી શકે છે કે પાકિસ્તાન આતંકવાદનો અભ્યાસ ક્યાં સુધી યથાવર રાખવા માંગે છે. આગળ જયશંકરે તીખા શબ્દોમાં ઉમેર્યું કે, "વિશ્વ મૂર્ખ નથી. વિશ્વ આંતકવાદમાં સામેલ દેશો, સંગઠનો પર ઝડપથી સકંજો મેળવી રહી છે."

એસ જયશંકરે અંતે પાકિસ્તાનને એક સલાહ આપતા કહ્યું કે, તમારા કાર્યો સુધારો અને સારા પાડોશી દેશ બનવાનો પ્રયાસ કરો અને આજે વિશ્વ જે બાબતોમાં ફાળો આપી રહ્યું છે જેમ કે આર્થિક વૃદ્ધિ, વિકાસ અને પ્રગતિ વેગેરેમાં સહકાર આપો.

## તંત્રી સ્થાનેથી...

# નીતિશનું લક્ષ્ય



*બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે જાહેરાત કરી છે કે ૨૦૨૫ની વિધાનસભા ચૂંટણી રાષ્ટ્રીય જનતા દળના યુવા નેતા તેજસ્વી યાદવના નેતૃત્વમાં લડવામાં આવશે અને ત્યારબાદ તેજસ્વી જ રાજ્યના મુખ્યમંત્રી હશે. તેમના આ સુવિચારનું સ્વાગત કરવું જોઈએ. વાસ્તવમાં તેજસ્વી ભવિષ્યના નેતા છે અને નીતિશ જેવા અનુભવી વયોવૃદ્ઘ નેતાઓને યુવાનોને આગળ આવવા માટે માર્ગ આપવો જોઈએ. પરંતુ રાજનીતિ એવું કોયડુ છે જેમાં કહેણી અને કરણીમાં ફરક હોય છે. બિહાર વિધાનસભા ચૂંટણી આડે હજુ તો બે વર્ષનો સમય છે અને આગામી બે વર્ષમાં રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે કેવા રાજકીય સમીકરણો બનશે તે વિશે હાલ તો કંઈ જ કહી શકાય તેમ નથી. તેથી દાવો ન કરી શકાય કે તેજસ્વી જ આગામી મુખ્યમંત્રી હશે. જાકે સામાજિક અને જાતીય દ્દષ્ટિએ મહાગઠબંધન અત્યંત શક્તિશાળી છે અને તેનું નેતૃત્વ કરનાર રાજ્યના કોઈ અન્ય રાજકીય પક્ષ કે ગઠબંધન પર ભારે પડશે. જદયુ, રાજદ અને કોંગ્રેસનું મહાગઠબંધન ૨૦૧૫ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ પર ભારે પડ્યું હતું. નીતિશ ના તો માત્ર અનુભવી, પરંતુ ચતુર રાજનીતિક છે. તેમની જાહેરાતથી સ્પષ્ટ થાય છે કે મુખ્યમંત્રીની ખુરશી પર તેજસ્વીની તાજપોશી કરી પોતે વિપક્ષની એકતાનું નેતૃત્વ કરવા માગે છે. તેનો અર્થ એ છે કે પોતાના રાજકીય જીવનના ઉત્તરાર્ધમાં તેમણે બે લ-ય નક્કી કર્યા છે. એક, ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં કેન્દ્રની સત્તામાંથી નરેન્દ્ર મોદીને બેદખલ કરવા અને બીજું, ૨૦૨૫માં તેજસ્વીના નેતૃત્વમાં મહાગઠબંધનની સરકાર બનાવવી. દેશનો એક નાનકડો વર્ગ નીતિશને મોદી વિરૂદ્ઘ વડાપ્રધાન પદના સંભવિત ઉમેદવાર તરીકે જોઈ રહ્યો છે.*

*એક મહત્વનો સવાલ એ છે કે વિપક્ષ કે અન્ય દિગ્ગજ નેતાઓ શું તેમને પોતાના નેતા સ્વીકારશે? જોકે નીતિશનું કહેવું છે કે તેઓ વડાપ્રધાન પદના દાવેદાર નથી. પરંતુ હકીકત એ પણ છે કે કોઈ પોતાની જાતને આ પદના દાવેદાર ગણાવતા પણ નથી. જો ખરેખર નીતિશ કેન્દ્રની સત્તામાંથી મોદીને બેદખલ કરવા માટે વિપક્ષી એકતાનું અભિયાન આગળ વધારવા માગતા હોય તો તેમણે રાજનીતિમાંથી સંન્યાસની જાહેરાત કરવી જોઈએ. આમ કરીને તેઓ વિપક્ષના નેતાઓનો વિશ્વાસ મેળવી શકશે. જોકે સત્તાનો સ્વાદ એટલો તો મધુર હોય છે કે એક વાર તેને ચાખી લીધા બાદ કોઈ સામેથી તેનો ત્યાગ કરી શકતો નથી. નીતિશ કુમાર હાલ તો કહી રહ્યાં છે કે તેમને દેશના વડાપ્રધાન બનવું નથી પરંતુ જો એક વખત તેમનું ગઠબંધન કેન્દ્રની સત્તામાં આવી જાય છે તો આ સ્વાદને ચાખવા માટે તેઓ ફરીથી તલપાપડ બની શકે છે. જોકે હાલ તો તેમણે જે નિર્ણય કર્યો છે તે ખરેખર આવકારવા લાયક છે.*

# મહારાષ્ટ્ર કેબિનેટનું વિસ્તરણ સંસદના ચાલુ શિયાળુ સત્ર પછી થાય તેવી સંભાવના



મુંબઈ,તા.૧૬

મહારાષ્ટ્રમાં કેબિનેટ વિસ્તરણની લાંબા સમયથી રાહ જોવાઈ રહી છે. હવે આ ઈન્તેજારીનો અંત આવે તેવી શક્યતા છે. કેટલાક મીડિયા અહેવાલોમાં સૂત્રોને ટાંકીને સમાચાર આપવામાં આવ્યા છે કે મહારાષ્ટ્ર કેબિનેટનું વિસ્તરણ સંસદના ચાલુ શિયાળુ સત્ર પછી થઈ શકે છે. દિલ્હીમાં અમિત શાહ સાથે મોડી રાત્રે થયેલી બેઠકમાં કેબિનેટ વિસ્તરણ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠક બાદ તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં ફડણવીસ અને શિંદે બંને હાજર હતા. તેવું અહેવાલો સૂચવે છે.

હકીકતમાં, અગાઉ એવી ધારણા હતી કે શિંદે-ફડણવીસ કેબિનેટનું વિસ્તરણ શિયાળુ સત્ર પહેલા જ કરવામાં આવશે, પરંતુ મીડિયા રિપોર્ટ્સમાં જે સમાચાર આવી રહ્યા છે તેના પરથી એવું લાગતું નથી. હવે શિયાળુ સત્ર બાદ જ મંત્રીમંડળનું વિસ્તરણ થશે તેવું માનવામાં આવે છે.

હાલમાં, મંત્રાલયમાં મુખ્યપ્રધાન શિંદે અને નાયબ મુખ્ય પ્રધાન ફડણવીસ સહિત કેબિનેટ રેક્ના ૨૦પ્રધાનો છે, પરંતુ કેબિનેટ વિસ્તરણમાં વિલંબને લઈને વિપક્ષ આક્રમક બન્યો છે. વિપક્ષનું કહેવું છે કે શિંદે અને ફડણવીસના દરેક ધારાસભ્યને પ્રધાન પદ જોઈએ છે, તેથી હવે ભાજપને ડર છે કે જો તેમને મંત્રી પદ આપવામાં નહીં આવે તો અસંતુષ્ટ ધારાસભ્યો બળવો કરી શકે છે.ઉલ્લેખનીય છે કે એકનાથ શિંદેએ ઉદ્ધવ ઠાકરે સાથેની નારાજગી બાદ બળવો કર્યો હતો અને શિવસેનામાં ભંગાણ પડ્યું હતું. એકનાથ શિંદે સાથે મોટા ભાગના બળવાખોર ધારાસભ્યો જોડાઈ જતાં મહાવિકાસ આઘાડીની સરકાર લઘુમતીમાં આવી ગઈ હતી અને આખરે રાજ્યના તત્કાલીન મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરેએ રાજીનામું આપવાનો વારો આવ્યો હતો. આ બળવાખોર ધારાસભ્યોએ બાદમાં ભાજપ સાથે જોડાઈ અને ગઠબંધનની સરકાર બનાવી.

મહારાષ્ટ્રમાં સરકાર બનાવ્યા બાદ એકનાથ શિંદેના બળવાખોર ધારાસભ્યોના જૂથે તેઓ જ શિવસેના હોવાનો દાવો કર્યો હતો. ત્યાર બાદ ચૂંટણી પંચે બંને જૂથોને નવા નામ અને ચૂંટણી ચિન્હો આપ્યા હતા અને શિવસેના નામ ન વાપરવાની તાકીદ કરી હતી.

## જો આર્મીમાં આહીર રેજીમેન્ટ બની જાય તો, ચીનના ભુક્કા બોલાવી દેશે, દોડાવી દોડાવીને મારશેઃ નિરહુઆ

નવીદિલ્હી,તા.૧૬

ભારતીય જનતા પાર્ટીના સાંસદ દિનેશ લાલ યાદવ ઉર્ફ નિરહુઆએ લોકસભામાં ચીન સાથે ચાલી રહેલા તણાવ પર ટિપ્પણી કરતા કહ્યું કે, જો ભારતીય સેનામાં આહીર રેજીમેન્ટ બનાવામાં આવે, તો ચીનના ભુક્કા બોલાવી દેશે. ઉત્તર પ્રદેશના આઝમગઢથી લોકસભા સીટના સાંસદ દિનેશ લાલ યાદવે શૂન્યકાળમાં આ વિષયને ઉઠાવતા કહ્યું કે, ભારતીય સેનામાં આહીર રેજીમેન્ટની માગ લાંબા સમયથી ચાલી રહી છે. હું સરકાર પાસે માગ કરી રહ્યો છું કે, સેનામાં ફટાફટ આહીર રેજીમેન્ટ બનાવામાં આવે.આ ઉપરાંત તેમણે કહ્યું કે, જે દિવસે આહીર રેજીમેન્ટ બની જશે, ચીન થરથર કાંપવા લાગશે. દિનેશ લાલ યાદવે કહ્યું કે, તેનું કારણ એવું છે કે, વર્ષ ૧૯૬૨માં યુદ્ધમાં રેઝાંગલા ચૌકી પર ૧૨૪ આહીર જવાનો તૈનાત હતા, જેમણે ૧૦૦ અને ૨૦૦ નહીં પણ ૩ હજાર ચીની સૈનિકોને માર્યા હતા અને ચીને એવું પણ કહ્યું હતું કે, આ અતિ વીર છે, તેમને હરાવવા મુશ્કેલ છે.આ ઉપરાંત સાંસદ દિનેશ લાલ યાદવે કહ્યું કે, આહીર રેજીમેન્ટ બનાવાની માગ લાંબા સમયથી ચાલી રહી છે. આહીર રેજીમેન્ટની માગ યોગ્ય પણ છે. કારણ કે, કોઈ પણ ક્ષેત્ર, જાતિ, ધર્મનું સેનામાં યોગદાનને લઈને રેજીમેન્ટ બનાવામાં આવે છે. જો આહીર રેજીમેન્ટ બની જશે, તો અમારા લોકો ચીનને દોડાવી દોડાવીને મારશે.દિનેશ લાલ યાદવે કહ્યું કે, આ રેજીમેન્ટ એટલા માટે જરુરી છે કે, જેમ કે રાજપૂત રેજીમેન્ટ છે, શિખ રેજીમેન્ટ છે, ભારતમાં ૨૬ કરોડ વસ્તી આહીર સમાજની છે, સેનામાં પણ અમારા સમાજના લોકોનું મોટુ યોગદાન રહ્યું છે, તે ૧૨ ટકા છે.

# ગુજરાત મોડલ કંઈ નથી, માત્ર વડાપ્રધાન મોદીનું માર્કેટિંગ',ભાજપની જીત પર મુખ્યમંત્રી ગેહલોત

### પીએમ' નો અર્થ વડાપ્રધાન નથી પરંતુ તેનો અર્થ 'પેકેજિંગ અને માર્કેટિંગ' થયો છે : જયરામ રમેશ



જયપુર,તા.૧૬

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે વિકાસના બહુચર્ચિત 'ગુજરાત મોડલ' પર કટાક્ષ કરતાં તેને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું માત્ર માર્કેટિંગ ગણાવ્યું હતું. ઉપરાંત, તેમણે પૂર્વ રાજસ્થાન કેનાલ પ્રોજેક્ટને રાષ્ટ્રીય પ્રોજેક્ટનો દરજ્જો ન આપવા માટે કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું અને કહ્યું કે તે તેના નિવેદન પરથી પીછે હટ કરી રહી છે. અહીં પત્રકારો સાથે વાત કરતા ગેહલોતે રાજ્ય સરકારની મહત્વકાંક્ષી યોજનાઓનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું, '..મોદીજીનું મોડલ શું હતું.. ચૂંટણી જીતવી એ અલગ વાત છે. જો તમે ગુજરાતમાં જશો તો તમને ખબર પડશે કે તે મોડલ બિલકુલ મોડલ નહોતું... તે મોદીજીનું માર્કેટિંગ હતું.'

ગેહલોતે કહ્યું, 'અમે ચાર વર્ષમાં લીધેલા નિર્ણયો એવા છે કે, જે ભારતના કોઈ રાજ્ય પાસે નથી.' તેમની સરકારની ચિરંજીવી સ્વાસ્થ્ય વીમા યોજના, ઈન્દિરા રસોઈ યોજના, શહેરી રોજગાર ગેરંટી યોજના અને ઉડાન યોજનાનો ઉલ્લેખ કરતા CM ગેહલોતે કહ્યું, 'મને ગર્વ છે કે અમારી સરકારે સૌના સહયોગથી આવા નિર્ણયો લીધા, જેની સમગ્ર દેશમાં ચર્ચા થઈ રહી છે. માત્ર દેશમાં જ નહીં, સમગ્ર વિશ્વમાં આવી કોઈ યોજના નથી. અમે પીએમ પાસે માંગ કરીએ છીએ કે તમે અમારા પાંચ કાર્યક્રમોને સમગ્ર દેશમાં લાગુ કરો.'

કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે વિકાસના 'ગુજરાત મોડલ' પર કટાક્ષ કર્યો. તેમણે કહ્યું, 'જ્યારે ગુજરાત મોડલની વારંવાર ચર્ચા થાય છે... ત્યારે આપણા પીએમએ પીએમની વ્યાખ્યા જ બદલી નાંખી છે.

પીએમ' નો અર્થ વડાપ્રધાન નથી પરંતુ તેનો અર્થ 'પેકેજિંગ અને માર્કેટિંગ' થયો છે, કારણ કે તે પેકેજિંગ અને માર્કેટિંગ કરે છે. તેમાં તેમનો કોઈ તોડ નથી, તેમાં તેઓ ખૂબ જ નિષ્ણાત છે.' તેમણે કહ્યું, 'હકીકત એ છે કે, વિવિધ રાજ્યોમાં થયેલા કામો ગુજરાત કરતા વધુ અસરકારક છે અને જનતા માટે ફાયદાકારક સાબિત થઈ રહ્યા છે.'

રાજ્યના ૧૩ જિલ્લાઓમાં પીવાના પાણી અને સિંચાઈના પાણી માટેના મહત્વના ઈઆરસીપી અંગે મુખ્યમંત્રી એ કહ્યું કે,પીએમ મોદીએ તેને રાષ્ટ્રીય પ્રોજેક્ટનો દરજ્જો આપવાનું વચન આપ્યું હતું. ગેહલોતે કહ્યું કે, કેન્દ્ર સરકાર હવે પોતાની વાતથી પલટી રહી છે. તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર પ્રસ્તાવિત પ્રોજેક્ટમાં પોતાનો હિસ્સો આપવા તૈયાર છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, આ પ્રોજેક્ટનો લાભ લેવા માટે ભારત જોડો યાત્રા પણ જિલ્લાઓમાં પસાર થઈ રહી છે અને તેની અસર ઘટાડવાના પ્રયાસરૂપે રાજ્યના સાંસદ અને કેન્દ્રીય જલ શક્તિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત અવનવા નિવેદનો આપીને જનતાને ગેરમાર્ગે દોરી રહ્યા છે.'

ગેહલોતે કહ્યું કે, રાજ્ય સરકાર આ પ્રોજેક્ટનું કામ ચાલુ રાખશે. સાથે જ તેમણે કહ્યું કે, ઈઆરસીપીનો મુદ્દો એટલો મોટો છે કે સમગ્ર ૧૩ જિલ્લાની ચૂંટણીમાં ભાજપના લોકોનો સફાયો થઈ જશે.' આ મુદ્દા પર બોલતા, જયરામ રમેશે કહ્યું,પીએમ કહે છે કે તેઓ બિન-ભાજપ પક્ષો સાથે ભેદભાવ કરતા નથી, પરંતુ ઈઆરસીપી તેઓ જે કહે છે તે ન કરવાનું ઉદાહરણ છે.' તેમણે કહ્યું કે મોદીએ જાતે આને રાષ્ટ્રીય પરિયોજના જાહેર કરવાનું વચન આપ્યું હતું.' ભારત જોડો યાત્રા સવાઈ માધોપુરની ભાડૌતીથી આગળ શરૂ થઈ હતી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના પૂર્વ ગવર્નર રઘુરામ રાજન આમાં રાહુલ ગાંધી સાથે ચાલ્યા હતા.

પાર્ટીના પ્રવક્તા અનુસાર, બંને વચ્ચે દેશની અર્થવ્યવસ્થા અને વર્તમાન આર્થિક સ્થિતિ પર લાંબી અને ઊંડી ચર્ચા થઈ હતી. બંને લગભગ દસ કિલોમીટર સુધી સાથે ચાલ્યા. બપોરે રાહુલ ગાંધીએ મજૂર અને રોજગારના મુદ્દાઓ પર કામદારો અને અનેક યુનિયનોના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી. સાંજના પગપાળા બાદ યાત્રા બગડી (દૌસા) પહોંચી હતી. ત્યાં રાહુલે નુક્કડ સભાને સંબોધિત કરી હતી.

## જમ્મુ અને કાશ્મીરના રાજૌરીમાં થયેલ આતંકવાદીઓના ફાયરિંગમાં ૨ લોકોના મોત

### ગુસ્સે ભરાયેલા લોકોએ તોડફોડ અને પથ્થરમારો કર્યો

શ્રીનગર,તા.૧૬

જમ્મુ અને કાશ્મીરના રાજૌરી જિલ્લામાં આજે સવારે આર્મી કેમ્પની બહાર ફાયરિંગની ઘટનામાં બે નાગરિકોના મોત થયા હતા અને અન્ય એક વ્યક્તિ ઘાયલ થયો હતો. અધિકારીઓએ આ માહિતી આપી હતી. સેનાએ ગોળીબાર અને નાગરિકોની જાનહાનિ માટે ×અજાણ્યા આતંકવાદીઓ× ને જવાબદાર ઠેરવ્યા હતા, જ્યારે અધિકારીઓએ અગાઉ કહ્યું હતું કે સૈન્ય સંત્રીએ કથિત રીતે ગોળીબાર કર્યો હતો, જેના કારણે જાનહાનિ થઈ હતી. આ ઘટના પછી તરત જ, સ્થાનિક લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને આલ્ફા ગેટની બહાર થયેલી હત્યાના વિરોધમાં આર્મી કેમ્પ પર પથ્થરમારો કર્યો હતો. રોષે ભરાયેલા સ્થાનિકોએ જમ્મુ-પૂંચ નેશનલ હાઈવેને બ્લોક કરી દીધો હતો અને ઘટનાની તપાસની માંગ કરી હતી. રોષે ભરાયેલા સ્થાનિકોને શાંત કરવા સિનિયર સિવિલ અને પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તેમણે કહ્યું કે આ ઘટના સવારે ૬.૧૫ વાગ્યાની આસપાસ બની જ્યારે સ્થાનિક લોકોનું એક જૂથ આર્મી કેમ્પના આલ્ફા ગેટ પાસે કામ માટે જઈ રહ્યું હતું. અધિકારીઓએ મૃતકોની ઓળખ કમલ કુમાર અને સુરિન્દર કુમાર તરીકે કરી છે. બંને રાજૌરીના ફરિયાના વોર્ડ નંબર-૧૫ના રહેવાસી હતા. ફાયરિંગમાં ઘાયલ થયેલા અનિલ કુમાર ઉત્તરાખંડનો રહેવાસી છે, જેની સેનાની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.સેનાની 'વ્હાઈટ નાઈટ કોર્પ્સ'એ તેના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર ટ્વિટ કર્યું, 'રાજૌરીમાં સવારે સૈન્ય હોસ્પિટલ નજીક અજાણ્યા આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા ગોળીબારની ઘટનામાં બે લોકોના મોત થયા છે. પોલીસ, સુરક્ષા દળો અને નાગરિક પ્રશાસનના અધિકારીઓ ઘટનાસ્થળે હાજર છે.અધિકારીએ કહ્યું કે શહેરમાં સ્થિતિ તંગ છે પરંતુ નિયંત્રણમાં છે. એસએસપી રાજૌરી મોહમ્મદ અસલમ ચૌધરીએ જણાવ્યું કે માર્યા ગયેલા બંને લોકો સેના માટે પોર્ટર તરીકે કામ કરતા હતા.

રોષે ભરાયેલા સ્થાનિકોએ મૃતકોના પરિવારજનોને ૧૦-૧૦ લાખ રૂપિયાનું વળતર, તેમના સંબંધીઓને નોકરી અને બાળકોને મફત શિક્ષણની માંગ કરી છે.આ પહેલા બુધવારે રાજૌરીના મુરાદપુરમાં સેના અને પોલીસ દ્વારા શંકાસ્પદ દેખાતા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સ્થાનિક લોકોએ પોલીસને જણાવ્યું હતું કે સવારે લગભગ ૫ વાગ્યે, બે અજાણ્યા લોકો તેમના ખભા પર બેગ લઈને તેમના પરિસરમાં ઘૂસ્યા અને તેમને દરવાજો ખોલવાનું કહ્યું. તેઓએ આસપાસના લોકોને બોલાવ્યા અને અવાજ કરવા લાગ્યા, ત્યારબાદ બંને અજાણ્યાઓ ભાગી ગયા, પરંતુ તરત જ સેના અને પોલીસે સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને સર્ચ ઓપરેશન શરૂ કર્યું. લગભગ ૬ કલાક સુધી સેના અને પોલીસે દરેક ખૂણે ખૂણે શોધખોળ કરી, પરંતુ કોઈ સફળતા મળી ન હતી.

## બિહાર લઠ્ઠાકાંડમાં ૬૫નાં મોત

### ભાજપે કહ્યું- રાજ્ય સરકારે સામૂહિક હત્યા કરી, સંસદમાં સતત ત્રીજા દિવસે હોબાળો

નવીદિલ્હી,તા.૧૬

બિહારના છપરામાં ઝેરી દારૂના કારણે ૫૯ લોકોના મોત બાદ શિયાળુ સત્રના સતત ત્રીજા દિવસે સંસદમાં ભારે હોબાળો થયો હતો. ખુરશીઓ ફેંકવામાં આવી હતી. હવે વિપક્ષ સરકારને બરતરફ કરવાની માગ સાથે રાજભવન તરફ કૂચ કરવાની તૈયારી કરી રહ્યો છે. ગઈકાલે પણ બિહારમાં થયેલા લઠ્ઠાકાંડને લઈને ગૃહમાં મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. વિપક્ષના હંગામાને કારણે ગુરુવારે પણ રાજ્યસભા ૩ વખત સ્થગિત કરવી પડી. વિપક્ષના નેતા વિજય સિન્હાએ પીડિત પરિવારને ૧૦ લાખ વળતર આપવાની માગ ઉઠાવી હતી. તેના પર નીતીશે કહ્યું કે જો દારૂ પીને તેનું મૃત્યુ થયું તો શું સરકાર વળતર આપશે? એક પૈસો પણ નહીં આપે.

દારૂથી મોતનો કેસ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. આર્યાવર્ત મહાસભા ફાઉન્ડેશને આ કેસની વહેલી સુનાવણીની માગ કરતી અરજી દાખલ કરી છે. આ સાથે પીડિતોને યોગ્ય વળતર આપવાની માગ કરવામાં આવી છે. સમગ્ર મામલાની જૈં્ દ્વારા તપાસ કરાવવામાં આવે તેવી માગ ઉઠી છે. જો કે, સુપ્રીમ કોર્ટે આ મુદ્દે જલ્દી સુનાવણી કરવાનો ઈનકાર કર્યો છે. કોર્ટે કહ્યું કે આ બાબત ઉલ્લેખિત યાદીમાં નથી.

લઠ્ઠાકાંડ કેસમાં નવો ઘટસ્ફોટ થયો છે. અહીંનાં પોલીસ સ્ટેશનમાં જપ્ત કરાયેલા કન્ટેનરમાંથી સ્પિરિટનો મોટો જથ્થો ગાયબ છે. આ ઝેરી દારૂ તેમાંથી બનાવવમાં આવ્યો હોવાની આશંકા છે, જેના કારણે ૫૯ લોકોના મોત થયા છે. તપાસ દરમિયાન પોલીસ સ્ટેશનમાંથી સપ્લાય કરવામાં આવતો હતો તેનો મોટો ખુલાસો થયો છે. તેના પુરાવા તરીકે ગામવાસીઓએ એક વીડિયો બનાવીને એક્સાઈઝ વિભાગના મુખ્ય સચિવ કે.કે.પાઠકને મોકલ્યો હતો.

ફરિયાદ પછી મુખ્ય સચિવ એક્શનમાં આવ્યા અને જોઈન્ટ કમિશનર ક્રિષ્ના પાસવાન અને ડેપ્યુટી સેક્રેટરી નિરંજન કુમારને તપાસ માટે મોકલ્યા. તેમણે જોયું તો જપ્ત કરાયેલા સ્પિરિટના ડ્રમ ખુલ્લા હતા અને તેમાંથી જથ્થો ગાયબ હતો. હવે સેમ્પલને પટના મોકલવામાં આવ્યા છે. ફરિયાદકર્તાએ જણાવ્યું છે કે, ત્યાંથી ચોકીદાર અને પોલીસની મદદથી પોલીસ સ્ટેશનમાંથી વેપારીઓને સ્પ્રિટની સપ્લાય કરવામાં આવતી હતી. તો, ઘણા કન્ટેનરના ઢાંકણા પણ ગાયબ છે.

દારૂથી મોતનો આંકડો ૬૫ને પાર પહોંચ્યો છે. પ્રથમ દિવસે મંગળવારે ૫નાં મોત થયાં હતાં. એ પછી બુધવારે ૨૫ અને ગુરુવારે ૧૯ લોકોએ જીવ ગુમાવ્યો હતો. તો શુક્રવારે સવાર સુધીમાં વધુ ૪ લોકો મૃત્યુ પામ્યા હતા. મોટા ભાગનાં મૃત્યુ છપરાના મશરક, અમાનૌર અને મધૌરા વિસ્તારમાં થયાં છે. આ લોકો ખાનગી દવાખાનામાં કે ઘરે સારવાર લેતા હતા. મૃત્યુ પામેલા લોકોમાં ત્રણ લોકો એવા છે, જેઓ પોતે દારૂ વેચતા હતા. બીજી તરફ, કાર્યવાહી કરતી વખતે પોલીસે મશરકના પોલીસ અધિકારી અને ચોકીદારને સસ્પેન્ડ કરી દીધા છે, જ્યારે ડીએમએ મધૌરાના એસડીપીઓની બદલી અને વિભાગને ખાતાકીય કાર્યવાહી કરવાની ભલામણ કરી છે.

## બિહારના ઝેરી દારૂનો મામલો સુપ્રીમ કોર્ટ પહોંચ્યો, એસઆઈટી દ્વારા તપાસની માંગ

પટણા,તા.૧૬

બિહારના સારણના મશરકના અડધો ડઝન ગામોમાં નકલી દારૂના કારણે હોબાળો વચ્ચે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. અરજીમાં મામલાની તપાસ એસઆઈટી દ્વારા કરાવવાની માંગ કરવામાં આવી છે. અરજદારે આ મામલે સ્વતંત્ર તપાસ કરાવવાની માંગ કરી છે.આ સાથે ગેરકાયદેસર દારૂના ઉત્પાદન, વેપાર અને વેચાણ પર અંકુશ લગાવવા માટે એકશન પ્લાન તૈયાર કરવાની માંગ પણ અરજીમાં કરવામાં આવી છે. હકીકતમાં, સારણના મશરકના અડધો ડઝન ગામોમાં મંગળવારથી શરૂ થયેલ મૃત્યુનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. શુક્રવારે સવાર સુધી જીવ ગુમાવનારાઓનો આંકડો ૬૦ પર પહોંચી ગયો છે. દરમિયાન, સમાચાર છે કે સિવાનના ભગવાનપુર બ્લોકના સોઢાની અને બ્રહ્મસ્થાન ગામમાં નકલી દારૂ પીવાથી ચાર લોકોના મોત થયા છે.

અગાઉ, નકલી દારૂના કારણે થયેલા મૃત્યુ પર પ્રતિક્રિયા આપતા, બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે ગુરુવારે કહ્યું હતું કે જે પીશે તે મરી જશે. બિહારમાં દારૂના સેવન પર પ્રતિબંધ છે. લોકોને સમજાવવાની જરૂર છે. તેણે કહ્યું કે ગડબડ કરનારને પકડો. તેને સારું કામ કરવા માટે પ્રેરિત કરો. અમે બાપુ અને બિહારની મહિલાઓની ઈચ્છા પર નશાબંધી લાગુ કરી છે.આ સાથે જ કેન્દ્રીય મંત્રી અશ્વિની કુમાર ચૌબેએ નીતિશ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે બિહારમાં આજે જે રીતે નકલી દારૂના કારણે મોત થઈ રહ્યા છે તે ચિંતાનો વિષય છે. આપણા મુખ્યમંત્રી નીતીશ કુમાર ઠંડક ગુમાવી બેઠા છે અને લોકો પર પ્રહારો કરી રહ્યા છે અને કહી રહ્યા છે કે જે પીશે તે ચોક્કસ મરી જશે. આવા લોકો સામે એફઆઈઆર થવી જોઈએ. તેમણે કહ્યું કે નીતીશ કુમારની સરકાર બિનઅસરકારક છે. કોઈ પાછળથી સરકાર ચલાવી રહ્યું છે. હવે નીતિશ કુમારનો પડછાયો ખતમ થઈ ગયો છે. નીતિશ બાબુ તમે રાજીનામું આપો. દારૂબંધી પાછળ ભ્રષ્ટાચારનું આખું બજાર ગરમ છે. તમારી આસપાસ ઘણા બધા દારૂડિયાઓ છે.

### શાહરૂખ અને દિપિકાની બિકીની વિવાદ વચ્ચે એનસીપીની એન્ટ્રી

# તમે ઘણા ધર્મગુરુઓ અને ગુરુઓ દ્વારા પહેરવામાં આવેલા કપડાંનો વિરોધ કેમ નથી કરતા?

### ભાજપે ધ્યાનમાં રાખવું જોઈએ કે ભારતમાં બેરોજગારી એક મુદ્દો છે, યુવાનોનું શિક્ષણ મહત્વપૂર્ણ છે : રૂપાલી



મુંબઈ,તા.૧૬

શાહરૂખ ખાનની ફિલ્મ 'પઠાણ' ૨૫ જાન્યુઆરીએ રિલીઝ થઈ રહી છે. આ પહેલા ફિલ્મનું એક ગીત- 'બેશરમ રંગ' રિલીઝ થઈ ચૂક્યું છે. આ ગીતમાં દીપિકા પાદુકોણની બિકીનીને લઈને વિવાદ ઉભો થયો છે. મધ્યપ્રદેશના ગૃહમંત્રી અને ભાજપના નેતા નરોત્તમ મિશ્રાએ કહ્યું છે કે બિકીનીના ભગવા રંગ પાછળ ભ્રષ્ટ માનસિકતા છે. ગીતના બોલ – 'બેશરમ રંગ' પર પણ વાંધો ઉઠાવવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે આ ફિલ્મ મધ્યપ્રદેશમાં રિલીઝ થવી જોઈએ કે નહીં, તેના પર વિચાર કરવો પડશે. મહારાષ્ટ્રની એનસીપી નેતા રૂપાલી થોમ્બરે પાટીલે આ અંગે પોતાની પ્રતિક્રિયા આપી છે.

શરદ પવારની એનસીપી પાર્ટી નેતા રૂપાલીએ કહ્યું, "ભાજપે ધ્યાનમાં રાખવું જોઈએ કે ભારતમાં બેરોજગારી એક મુદ્દો છે, યુવાનોનું શિક્ષણ મહત્વપૂર્ણ છે, સ્વચ્છતા એક મુદ્દો છે. તમે રાજકારણમાં કયા કામ માટે છો, આજે ભાજપ માટે વિચારવાનો સમય છે. દરેક વ્યક્તિને અલગ પ્રકારનાં અન્ડરગાર્મેન્ટ પહેરવાની સ્વતંત્રતા છે. ફિલ્મને મનોરંજન તરીકે જુઓ.

જો તમે ફિલ્મમાના કપડાંને વિવાદનો મુદ્દો બનાવશો, તો પછી તમે ઘણા ધર્મગુરુઓ અને ગુરુઓ દ્વારા પહેરવામાં આવેલા કપડાંનો વિરોધ કેમ નથી કરતા? કુસ્તી કરતી વખતે કુસ્તીબાજો લંગોટ પહેરે ત્યારે તમે વિરોધ કેમ નથી કરતા? ભગવો રંગ, લીલો રંગ, પીળો રંગપ વિકાસના મુદ્દાને કોઈપણ કારણ વગર બાજુ પર રાખીને આ રાજકારણ બંધ કરવું જોઈએ.

એનસીપી નેતા રૂપાલી થોમ્બરે પાટીલે વધુમાં કહ્યું ભાજપ પણ આવું જ કરે છે. બે ધર્મો વચ્ચેનો તફાવત બતાવીને લોકોની લાગણીઓને ભડકાવે છે. દીપિકાની બિકીનીનો રંગ ગમે તેવો હોય, શું તે દેવી-દેવતાઓનું અપમાન કરશે? શું આ કોઈ મુદ્દો છે? આપણા દેવતાઓ બહુ મોટા છે. કોઈ તેનું અપમાન કરી શકે નહીં. જે કોઈ પણ ધર્મનો હોય, તે પોતાના ભગવાન, ભગવાન કે ગુરુ સમક્ષ નમન કરે છે. એટલા માટે તમારા દેવી-દેવતાઓને એટલા નિમ્ન સ્તર પર ન લાવો કે કોઈ તેમનું અપમાન કરી શકે એવી સ્થિતિ કોઈની નથી.

એનસીપી નેતા રૂપાલીએ વધુમાં કહ્યું કે, 'ભાજપ માત્ર ધર્મ અને રંગની રાજનીતિ જાણે છે. જે લોકો સિત્તેર વર્ષથી 'આપણે બધા એક છીએ'ના નારા લગાવતા હતા અથવા તાજેતરમાં કોરોનાના સમયગાળા દરમિયાન જે રીતે તેઓ એકબીજાને મદદ કરી રહ્યા હતા તે તેમનાથી જોઈ શકાય નહીં. કેટલા હિંદુ ભાઈઓએ પોતાના રિવાજ મુજબ કેટલા મુસ્લિમ લોકોએ અંતિમ સંસ્કાર કર્યા, એ જ રીતે મુસ્લિમ ભાઈઓએ પોતાના રિવાજ મુજબ મૃત્યુ પામનાર હિન્દુ સમાજના લોકોના અંતિમ સંસ્કાર કર્યા હતા. આવી સ્થિતિમાં તમે માણસો વચ્ચે વિભાજન કેમ કરો છો? શા માટે તમે લોકોની લાગણી ભડકાવી રહ્યા છો?


અંતમાં રૂપાલી થોમ્બરે પાટીલે કહ્યું હતું કે, 'ગૃહમંત્રીના સ્તરની વ્યક્તિ આવી ભાષા વાપરે તો ભારતની જનતાએ તેને યાદ રાખવું જોઈએ. આવનારા સમયમાં આવા લોકોને ન મોકલો, જેઓ ધર્મ અને જાતિનો ભેદ કરે છે અને વિકાસ, શિક્ષણ અને સ્વચ્છતા, ઉદ્યોગો અને વ્યવસાયોને બદલે આ મુદ્દાઓને પ્રાધાન્ય આપે છે. તેમની ખુરશી ખેંચીને તેમની સ્થિતિ બતાવો અન્યથા તેઓ અટકવાના નથી.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક

## સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ





**NOG SS NO : 126**
વિષય : સહેલગાહ
પ્રકાર :. પદ્ય ( અછાંદસ)
શિર્ષક : સહેલગાહ છે.
નામ : મોહનભાઈ પરમાર " આનંદ"
...............

સ્ફૂર્યુ સ્પંદન મધુમય, પ્રેમની સહેલગાહ છે,
ભાવ ઊર્મિ ઊભર્યા ,દિલની સહેલગાહ છે,
નિત્ય નવીન ફૂટતી , કૂંપળો રંગીન મિજાજે,
નવપલ્લવિત થાય જીવન એ સહેલગાહ છે,
જોતરી મન બુધ્ધિ અને ઈન્દ્રિયો ઘોડા ખરાં
ભાગ્યમાં કર્મફળ કર્મની એ સહેલગાહ છે,
ભોળા ભાવે બાળ સહજ હોય નિર્લેપ ખરાં,
સૌમ્ય સમ્યક દર્શન સુદર એ સહેલગાહ છે.
થનગનાટ છે જોબનનો,આંખો ચાર થાય જ્યાં,
હૈયું હિલોળે ચડ્યું યૌવનની સહેલગાહ છે,
બુધ્ધિને વિવેકશીલતા ,તોલ તર્કોમાં ભર્યો પછી,
પામ્યા સમૃદ્ધિ એ ડહાપણનીની સહેલગાહ છે,
દર્દ ઝખ્મો રોકડા , આંસુઓ ચુકવ્યા પછી જ,
સુખચેન થોડા મળ્યા જિંદગીની સહેલગાહ છે,
મોહનભાઈ " આનંદ "

------------------------------------------------------

**NOG:SS:NO.:0101**
વિષય: સહેલગાહ
પ્રકાર: ગદ્ય લેખ
શીર્ષક: દ્વારકાની સહેલગાહ
શબ્દ : ૩૨૩
નામ: ભરત સાંગાણી

કૃષ્ણ પ્રત્યે બચપણથી ઊંડો અનુરાગ દ્વારિકાનાં કૃષ્ણ વિશે ગીતો લખ્યાં છે.

દ્વારિકાનું સ્મરણ કવિતાની સૃષ્ટિમાં સતત થયાં કર્યું છે.
પ્રેયસી તારી હૈયાનાં
પાતાળોમાં જઈ વસી,
સુવર્ણદ્વારિકા તારી
ચિત્તના જલમાં ડૂબી
સુવર્ણ દ્વારિકાનું એક સ્વપ્ન મારા મનમાં સતત રહ્યું છે. એટલે જ દ્વારિકાના નામ માત્રથી હંમેશા સ્પંદન જાગ્યું છે.

કૃષ્ણ મંદિરે જવા માટે સમય પાળવો પડે છે. દર્શનનો સમય ચુકાય તો ટેરો આવી જાય. જ્યારે આપણે નવરા પડીએ ત્યારે ભગવાન નવરા જ હોઈ એવું નથી. કૃષ્ણના મંદિરોમાં સમય સમય પર ટેરો શબ્દોમાં ભક્તો માટે અજબનો જાદુ છે. મંગળાના દર્શન માટે હજી ભળભાંખળું થવાને વાર હોઈ છે ત્યારે અંધકારમાં દોડીને મંદિરે પહોંચવા ઉત્સુક ભક્તોને જોઈએ ત્યારે તેમનાં ઊંઘરેટાં નેત્રોમાં કૃષ્ણ સજીવ દેખાઈ છે. ક્યારેક આંખ મોડી ખૂલે અને ક્ષણાર્ધ માટે દર્શન ચૂકી જતી અને કૃષ્ણના દ્વારેથી હતાશ પાછી ફરતી વૃદ્ધાઓની આંખની ઉદાસીમાં કૃષ્ણને દ્વારેથી હતાશ પાછી આવતી વૃદ્ધાઓની આંખોની ઉદાસીમાં કૃષ્ણને વધારે જોયાં છે. દર્શન કરતાં દર્શન માટેનો ઝુરાપો વધુ મહિમાવંતો લાગે છે.

દ્વારિકામાં રણછોડરાયની મૂર્તિ સામે ઊભો હતો, ત્યારે ચિત્ત એ મૂર્તિ સાથે જ જડાયેલું હતું. હૃદયમાં ઘણાં પદોની સ્ફુરણા થતી હતી.

કીર્તન અને ભક્તિને એકમેકથી અલગ કરવાનું મન પણ ન થાય. દ્વારકાધીશ સામે મગન બની તન્મય થયેલી અને એ સ્વરૂપમાં જ સમાઈ ગયેલી મીરા વધારે યાદ આવે.દ્વારિકાનો સંદર્ભ કૃષ્ણ કરતાં પણ મીરા સાથે વધારે છે. કૃષ્ણની સુવર્ણદ્વારિકા તો સાગરના પેટાળમાં ક્યાંક છે: કોઈક પુરાતત્વવિદ ક્યારેક એને શોધી કાઢશે ત્યારે એમાં કૃષ્ણના સ્મરણો જડશે ખરાં? કદાચ નય જડે. પણ જે દ્વારકાધીશ સામે હું ઉભો હતો એનો મીરાં સાથેનો સંબંધ તો હજી પાંચસો વરસ પહેલાનો જ છે.

મંદિરમાં પ્રવેશ્યા ત્યારે ખૂબ ગિરદી હતી. કોઈ સમૂહની ધજા ચડી રહી હતી અને પહેલાંની ધજા ઉતરી રહી હતી. હેતથી પ્રભુને ધજા લોક ધજા ચડાવી રહ્યા હતાં. તેમની આંખોમાં કેફ હતો. ત્યાં વિસ્તરતાં પરમતત્ત્વને કહેતો હતો: આવી ધજા ચડે કે ઉતરે એનો જુદો મહિમા છે. પણ મનુષ્યની ગરિમાની ધજા સતત ફરકતી રહે, ક્યારેય ન ચડે કે ન ઉતરે એવું પરમાત્મા તું કરજે.

ભરત સાંગાણી

# મેડિક્સ ગ્લોબલ અને એમપાવરે ભારતમાં માનસિક આરોગ્ય અંગેનાં કલંકને દૂર કરવા ભાગીદારી કરી

ભારતની યુવા પેઢીને માનસિક આરોગ્ય અંગે સંવાદ-ચર્ચા કરવા તથા તેમને માર્ગદર્શન પૂરું પાડવાનાં હેતુથી જોડાણ કર્યું: ભારતમાં માનસિક આરોગ્ય માટેનાં ટેકનોલોજી ડિજિટલ સોલ્યુશન્સ પૂરાં પાડવામાં આવશે

આદિત્ય બિરલા એજ્યુકેશન ટ્રસ્ટની પહેલ અને ડો. નીરજા બિરલા દ્વારા સ્થાપિત એમપાવર ક્રાંતિકારી સામાજિક સાહસ છે, જે ભારતમાં સર્વગ્રાહી માનસિક આરોગ્ય સંભાળની સેવા પૂરી પાડે છે.

એમપાવર એ માનસિક આરોગ્ય ક્ષેત્રમાં અગ્રણી છે, જે ૨૦૦થી વધુ અનુભવી મેન્ટલ હેલ્થ પ્રોફેશનલ્સનું મજબૂત જૂથ ધરાવે છે અને વિશ્વ કક્ષાની વૈજ્ઞાનિક રીતે પુરવાર થયેલી ઈન્ટરવેન્શન ટેકનિક્સ ઓફર કરે છે, જે ભારતમાં તેની મેન્ટલ હેલ્થ કેર સર્વિસિસ દ્વારા ૧૨૧ મિલિયનથી વધુ લોકોનાં જીવન પર સકારાત્મક અસર કરી રહી છે.

મેડિક્સ ભારતમાં મજબૂત ફોકસ સાથે ગ્લોબલ હેલ્થ મેનેજમેન્ટમાં લાંબો અનુભવ ધરાવે છે અને ૩૦૦થી વધુ ઈન-હાઉસ ડોક્ટર્સને રોજગારી આપે છે. તે દરેક મેડિકલ ફિલ્ડમાં વિશ્વના અગ્રણી સ્પેશ્યાલિસ્ટ્સનું ગુણવત્તાસભર એક્રિડિટેડ નેટવર્ક ધરાવે છે અને વિશ્વભરમાં ૮૦ લાખથી વધુ ગ્રાહકોને સેવા પૂરી પાડે છે.

¤ આ ભાગીદારીમાં કલંક મુક્ત અને ભાવનાત્મક રીતે તંદુરસ્ત સમાજની રચના કરવા માટે એમપાવરનાં નક્કર મૂલ્યોનો તથા જીવનની ભૌતિક અને ભાવનાત્મક યાત્રાને ટેકો આપવાની મેડિક્સની પ્રતિબધ્ધતા મહત્વની ભૂમિકા ભજવે છે.

¤ આ ભાગીદારીથી હતાશા, તાણ, ચિંતા અને મૂડમાં ફેરફાર સાથે સંકળાયેલા કલંકને ઘટાડવાની દિશામાં કામ થશે અને ખાસ કરીને ૧૬-૩૫ની વયજૂથમાં માનસિક આરોગ્યની સમસ્યાઓ નિવારવાર સારવાર સરળ બનશે.

¤ આ વ્યૂહાત્મક ભાગીદારીનાં ભાગ રૂપે મેડિક્સ ઈન્ડિયા અગ્રણી ઈન્શ્યોરર્સ, કોર્પોરેટ એમ્પ્લોયર્સ અને અન્ય હિતધારકો સહિતનાં ગ્રાહકો તથા ભાગીદારોને વિવિધ કેર પ્રોગ્રામ્સમાં એમપાવરની ક્લિનિક્સ અને વર્ચ્યુઅલ મેન્ટલ હેલ્થ સર્વિસિસ ઓફર કરશે.

¤ આ ઉપરાંત, નવાં ટેકનોલોજી અને ડિજિટલ સોલ્યુશન્સને મેન્ટલ સપોર્ટ સર્વિસિસમાં જોડવામાં આવશે, જેનાંથી સર્વિસ પોઝિશન સુધરશે અને સુગમતા વધશે.

¤ આ ભાગીદારીની આગેવાની બે મજબૂત અને પ્રતિબધ્ધ મહિલા અગ્રણીઓ પાસે છે, જેઓ ભારતની માનસિક આરોગ્ય સ્થિતિ સુધારવા તેમનાં અનોખાં પરિપ્રેક્ષ્ય અને અભિગમનો ઉપયોગ કરે છે.

મુંબઈ, ૧૪ ડિસેમ્બર, ૨૦૨૨: વૈશ્વિક મહામારીને પગલે વૈશ્વિક સ્તરે માનસિક આરોગ્ય અંગેની સમસ્યાઓમાં તીવ્ર વધારો જોવા મળ્યો છે.

લાખો ગ્રાહકોની આરોગ્યની જરૂરિયાતો પૂરી પાડતી, ૩૦૦થી વધુ ઈન-હાઉસ ફિઝિશિયન્સની ટીમ અને ૪,૫૦૦થી વધુ વૈશ્વિક અગ્રણી સ્પેશ્યાલિસ્ટ્સનું વૈશ્વિક ક્વોલિટી એક્રિડેટેડ નેટવર્ક ધરાવતી વૈશ્વિક હેલ્થ મેનેજમેન્ટ કંપની મેડિક્સએ એમપાવર સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરી છે. એમપાવર એ આદિત્ય બિરલા એજ્યુકેશન ટ્રસ્ટની પહેલ છે અને ભારતમાં માનસિક આરોગ્ય ક્ષેત્રમાં અગ્રણી છે, જે ૬૦૦થી વધુ અનુભવી માનસિક આરોગ્ય વ્યાવસાયિકોની મદદથી વિશ્વ કક્ષાની, વૈજ્ઞાનિક રીતે પુરવાર થયેલી ઈન્ટરવેન્શન ટેકનિક્સ દ્વારા ૧૨૧ મિલિયન લોકોનાં જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવી રહી છે. જોડાણનાં ભાગ રૂપે એમપાવર અને મેડિક્સ ભારતમાં માનસિક આરોગ્ય સેવાઓને વધુ સુગમ બનાવવા માટે ઈન્ટીગ્રેટેડ અને એડવાન્સ્ડ સોલ્યુશન્સ ઓફર કરશે.

એમપાવર અને મેડિક્સ સાથે મળીને ભારતમાં માનસિક આરોગ્ય નિદાનમાં પરિવર્તન લાવશે અને મદદ તથા ટેકો મેળવવાનાં નવાં માર્ગોને પ્રોત્સાહન આપશે.

આ ભાગીદારી માનસિક અને ભાવનાત્મક માર્ગદર્શન અને મેન્ટોરશિપને નવો, સર્વગ્રાહી અભિગમ લાવશે. ખાસ કરીને દેશનાં યુવાનો સુધી પહોંચવા માટે આ કાર્યક્રમ બનાવવામાં આવ્યો છે.

આ વ્યૂહાત્મક ભાગીદારીનાં ભાગ રૂપે મેડિક્સ ઈન્ડિયા એમપાવરની મેન્ટલ હેલ્થ સર્વિસને વિવિધ આ વ્યૂહાત્મક ભાગીદારીનાં ભાગ રૂપે મેડિક્સ ઈન્ડિયા અગ્રણી ઈન્શ્યોરર્સ, કોર્પોરેટ એમ્પ્લોયર્સ અને અન્ય હિતધારકો સહિતનાં ગ્રાહકો તથા ભાગીદારોને વિવિધ કેર પ્રોગ્રામ્સમાં એમપાવરની ક્લિનિક્સ અને વર્ચ્યુઅલ મેન્ટલ હેલ્થ સર્વિસિસ ઓફર કરશે.

આ ભાગીદારી અંતર્ગત નોલેજ અને સર્વિસ પાર્ટનર તરીકે એમપાવર માનસિક આરોગ્ય ક્ષેત્રમાં તેની નિપુણતા લાવશે અને મેન્ટલ હેલ્થ સપોર્ટ મેળવવા માંગતા દર્દીઓને પુરવાર થયેલાં મેન્ટલ હેલ્થ સોલ્યુશન્સ અને થેરપી ઓફર કરશે, જ્યારે મેડિક્સ ક્વોલિટી એશ્યોરન્સ, ગોલ-સેટિંગ સ્ટ્રેટેજી, ક્લિનિકલ પાથવે, ડિજિટલ મેન્ટલ અને ફિઝિકલ એસેસમેન્ટમાં તેની વૈશ્વિક નિપુણતા અને આઉટકમ મેઝરમેન્ટ તથા એનાલિટિક્સમાં ઈનોવેશન ટુલ્સ લાવશે. આમ, ભારતમાં અત્યાર સુધી મેન્ટલ કેર અંગેની ધારણામાં પરિવર્તન લાવશે.

આ ભાગીદારી અંગે ટિપ્પણી કરતા એમપાવરના સ્થાપક અને ચેરપર્સન ડો. નીરજા બિરલાએ જણાવ્યું હતું કે, “એમપાવર હંમેશા ભારતમાં માનસિક આરોગ્ય ક્ષેત્રમાં અગ્રણી રહી છે અને આ ભાગીદારી આ ક્ષેત્રમાં ચેન્જ-મેકર તરીકે અમારી સ્થિતિ મજબૂત કરવા એક ડગલું આગેકૂચ છે. સાયકોલોજીકલ, ફિઝિકલ અને સોશિયલ ફેક્ટર્સ વચ્ચે જટિલ સંબંધોને કારણે બિમાર લોકોમાં માનિસક આરોગ્યની સમસ્યાઓ સામાન્ય બની ગઈ છે, આમ માનસિક અને શારિરીક તંદુરસ્તી એકંદર આરોગ્યનું મહત્વનું પાસુ છે. આ જોડાણ એવા દર્દીઓને સર્વગ્રાહી ઉપાયો પૂરા પાડે છે, જેઓ એક પ્લેટફોર્મ પર ફિઝિકલ અને મેન્ટલ હેલ્થ સર્વિસિસ માટેનો વિકલ્પ અપનાવે છે.

” અમને આશા છે કે આવાં જોડાણોથી ભારતમાં સર્વગ્રાહી હેલ્થકેર મેનેજમેન્ટમાં નવાં પ્રકરણનો ઉમેરો થશે અને માનસિક તથા શારિરીક આરોગ્યને પણ એટલું જ મહત્વ મળશે. આ રીતે વધુ સંશોધન થશે, સુગમતા વધશે અને માનસિક આરોગ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલું કલંક દૂર થશે.”

મેડિક્સના પ્રેસિડન્ટ અને સીઈઓ સુશ્રી સિગલ આત્ઝમોને જણાવ્યું હતું કે, “એમપાવર સાથે ભાગીદારી કરતાં અમે ગર્વ અનુભવી રહ્યા છે, બંને બ્રાન્ડ્સ વચ્ચે અમે મજબૂત જોડાણ જોઈ રહ્યા છીએ, જે લોકોનાં જીવન પર સકારાત્મક અસર કરી રહી છે. માનસિક આરોગ્ય એ વિવિધ સ્થિતિઓનું વ્યાપક જૂથ છે, જેની આપણા વિચાર, લાગણી અને કાર્ય પર ગંભીર અસર પડે છે.

આપણે યુવા પેઢીને વિવિધ પરિબળોને કારણે દબાણનો સામનો કરતા જોઈ રહ્યા છીએ અને ઘણી વાર તેમની પાસે આ પડકારોનો સકારાત્મક સામનો કરવા માટેનાં સાધનોનો અભાવ હોય છે. અમે માનસિક આરોગ્ય સાથે સંકળાયેલા આ કલંકને દૂર કરવાનો અને આ પડકારોનો સામનો કરવા નક્કર ઉપાયો પૂરાં પાડવાની સાથે ચર્ચા અને સંવાદને પ્રોત્સાહન આપવાનો ધ્યેય ધરાવીએ છીએ.”

આજે ભારતમાં ખાસ કરીને યુવાનોમાં માનસિક આરોગ્ય સૌથી મોટો મુદ્દો છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ના વર્લ્ડ મેન્ટલ હેલ્થ રિપોર્ટ ૨૦૨૨ પ્રમાણે ગંભીર માનસિક સમસ્યાથી પિડાતા લોકો અટકાવી શકાય તેવાં શારિરીક રોગોને કારણે મૃત્યુ પામતા સામાન્ય લોકોની સરખામણીમાં ૧૦થી ૨૦ વર્ષ વહેલાં મૃત્યુ પામે છે.

ડેલોઈટના ૨૦૨૨માં કરવામાં આવેલા ‘મેન્ટલ હેલ્થ એન્ડ વેલ-બીઈંગ’ શિર્ષક હેઠળનાં સર્વે પ્રમાણે ૨૦૨૧માં ભારતનાં ૮૦ ટકા કર્મચારીઓને માનસિક આરોગ્યની સમસ્યા સતાવતી હતી. આ ચિંતાજનક આંકડા છતાં સામાજિક કલંકને કારણે આશરે ૩૯ ટકા લોકો માનસિક બિમારીની સારવાર લેતાં અચકાતા હતા,

આ ભાગીદારી દ્વારા એમપાવર અને મેડિક્સ ૨૦૨૩ના પ્રારંભથી ભારતમાં માનસિક આરોગ્ય સેવાઓ વધુ સુગમ બનાવવા પ્રતિબધ્ધ છે.!

# ચીને ધીમે-ધીમે પગપેસારો કરીને ઘણુંબધું પડાવી લીધું છે:ભૂતપૂર્વ સેનાપ્રમુખ જનરલ નરવણે

## ચીન આપણા માટે સૌથી મોટો ખતરો હોવાની ફર્નાન્ડિસની વાત સાચી સાબિત થઈ રહી છે

નવીદિલ્હી,તા.૧૬

ભારતના ભૂતપૂર્વ સેનાપ્રમુખ જનરલ એમએમ નરવણેએ કહ્યું હતું કે ચીનનું લશ્કર વાસ્તવિક નિયંત્રણ રેખા નજીક ધીમે-ધીમે પગપેસારો કરે છે. સમય જતાં તેને ઘણો ફાયદો થાય છે. એ.એન.આઈ.નાં એડિટર-ઈન-ચીફ સ્મિતા પ્રકાશને આપેલા ઈન્ટરવ્યુમાં નરવણેએ કહ્યું હતું કે ‘ચીનની સલામી સ્લાઈસિંગ રણનીતિનો ભારતીય સેનાએ જોરદાર જવાબ આપ્યો છે. તાજેતરમાં અરુણાચલના તવાંગ પ્રદેશમાં ચીને ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો, જેને ભારતીય લશ્કરે નિષ્ફળ બનાવ્યો હતો.’



નરવણેએ કહ્યું હતું કે ‘ચીન ઘણાં વર્ષોથી આવી પ્રવૃત્તિ કરી રહ્યું છે.

આવી નાની-નાની ઘૂસણખોરી આપણને સામાન્ય લાગે છે, જેને આપણે સલામી કહીએ છીએ. સ્લાઈસિંગ એટલે એક સમયે માત્ર એક ઈંચ જ ઉપર આવે, પરંતુ સમયાંતરે આવા પ્રયાસોમાં તેમણે ઘણું બધું મેળવ્યું હોય છે. આ યુક્તિ તેમણે અજમાવી છે અને એમ કરવાનું ચાલુ જ રાખ્યું છે. એથી આપણે પણ જવાબ આપવાનો હતો. હવે બહુ થયું, વધુ નહીં ચાલે. આવું જ કંઈક લદાખમાં આવેલા પૅન્ગૉન્ગ તળાવ પાસે બન્યું હતું. તેઓ વારંવાર ત્યાં આવતા હતા, પછી એમ કહેવા લાગ્યા કે આ ઐતિહાસિક સ્થળ છે એને એ અમારુ છું.

તેમણે યથાસ્થિતિને બદલવાનો પ્રયાસ કર્યો હતો.’

જૂન ૨૦૨૦માં ગલવાનમાં થયેલી અથડામણમાં ચીનને બે દાયકામાં પહેલી વખત ઝટકો મળ્યો હતો. નરવણેએ ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન જ્યૉર્જ ફર્નાન્ડિસની વાતને યાદ દેવડાવી હતી, જેમાં ચીનને નંબર વન ખતરો ગણાવ્યો હતો. લોકો આ વાતને હવે વધુ સારી રીતે સમજે છે.

ગલવાનમાં થયેલી અથડામણમાં ભારતના ૨૦ સૈનિકો માર્યા ગયા હતા. ચીનના પણ ઘણા સૈનિકો માર્યા ગયા હતા, પરંતુ તેમણે માત્ર ચાર સૈનિકો માર્યા ગયાની કબૂલાત કરી હતી. ભારતે ચીનના ગલવાનમાં જે જવાબ આપ્યો એનાથી દુનિયાને ખબર પડી કે ચીનની દાદાગીરોનો સામનો કરવાનું શક્ય છે.

નરવણેએ કહ્યું હતું કે એક વાર આપણે હિંમત કરી ત્યાર બાદ કૅનેડાથી માંડીને લિથુઆનિયા અને યુરોપથી ફિલિપીન્સ સુધી દરેકને એવું પ્રતીત થયું કે ચીનથી ગભરાવાની જરૂર નથી.

ચીનની સેના વિશે વાત કરતાં નરવણેએ કહ્યું કે ‘ભારતની ઉત્તર દિશામાં ખતરો વધી રહ્યો છે. ભારતીય સેના પ્રોફેશનલ છે ત્યારે ચીનની સેના ગલીના ગુંડાની જેમ લાકડાના ડંડા પર કાંટાળો તાર લઈને આવે છે. તેઓ સ્ટ્રીટ ફાઈટ કરે છે.

આ બધું બહુ જ હાસ્યાસ્પદ છે. જોકે બન્ને દેશોએ ગોળીબારનો ઉપયોગ કર્યો નથી.’

નરવણેએ કહ્યું હતું કે ‘મેક ઈન ઈન્ડિયા અંતર્ગત ભારતે ઘરઆંગણે ઘણાં શસ્ત્રોનું ઉત્પાદન કરવાનું શરૂ કર્યું, જેનાથી આપણે અન્ય દેશો પર વધારે નિર્ભર થવાની જરૂર પડતી નથી.

કોઈ પણ દેશ ૧૦૦ ટકા શસ્ત્રો ઘરઆંગણે ન બનાવી શકે. રશિયા હેલિકૉપ્ટર બનાવે પરંતુ ૩૦થી ૪૦ ટકા ભાગો વિદેશથી આવે છે.’

## પઠાન’નો વિવાદ ગુજરાતમાં પણ વકર્યો, રાજભાએ કહ્યુ, ’સેન્સર બોર્ડવાળા જોજો, હાથે કરીને શાંતિ ડહોળશો નહીં’





જૂનાગઢ,તા.૧૬


હાલ શાહરુખ ખાનની અપકમિંગ ફિલ્મ ‘પઠાન‘ હાલમાં વિવાદોમાં ફસાયેલી છે. શાહરુખને દીપિકા પાદુકોણ સાથે પહેલા ‘બેશર્મ રંગ‘ ગીત રિલીઝ કર્યું છે. જેના પર ભારે હોબાળો મચ્યો છે. ગીતમાં દીપિકા પાદુકોણે ભગવા રંગની બિકિની પહેરવા પર લોકો વાંધો ઉઠાવી રહ્યા છે. ત્યારે ગુજરાતી લોકસાહિત્યકાર રાજભા ગઢવીએ પણ પોતાના વિરોધ નોંધાવ્યો છે. જે વીડિયો હાલ ઘણો જ વાયરલ થઇ રહ્યો છે.

રાજભાએ પોતાના વિરોધમાં એક વીડિયો જાહેરમાં મૂક્યો છે. જેમાં આવનારી શાહરૂખ ખાનની પઠાણ ફિલ્મ અંગે તીખી પ્રતિક્રિયા આપી છે. દિપીકા વિરૂદ્ધ પણ તેમણે પ્રતિક્રિયા આપી છે. ગુજરાતમાં આ પિકચર રીલિઝ થવા દેવામાં નહી આવે તેમ જણાવ્યુ છે. તમામ હિંદુ સંગઠનો આ પિકચરનો વિરોધ કરે તેવું પણ જણાવ્યુ છે.

તેમણે જણાવ્યુ કે, આવા લોકોને માત્ર સનાતન ધર્મને બદનામ કરવા સિવાય કાંઈ કામ નથી. ભગવા કપડામાં ગીતનું ફીલમાંકન કરવામાં આવ્યુ છે. આપણે ઘરેથી જ આ ફિલ્મનો વિરોધ કરવાની શરૂઆત કરીએ. ગુજરાતના લોકો આ પીકચરનો વિરોધ કરીએ.તેમણે સેન્સર બોર્ડને પણ જણાવ્યુ કે, ‘આ ફિલ્મ બિલકુલ રિલીઝ નહીં થાય. આપણે સેન્સર બોર્ડવાળાને કહીએ કે બધું જોઇને તેના પર સાઇન કરો તો વધારે સારું. હાથે કરીને શાંતિ ડહોળવાના ધંધા ન કરો.‘

નોંધનીય છે કે, સિદ્ધાર્થ આનંદના નિર્દેશનમાં બનેલી ફિલ્મ પઠાનના ગીતમાં દીપિકા પાદુકોણની અદાઓ જોવા જેવી છે. જોકે, આ ગીત રીલિઝ થતાં જ વિવાદોમાં ફસાઈ ગઈ છે. આ ફિલ્મને લઈને બોયકોટ પણ સોશિયલ મીડિયા પર ટ્રેંડ કરી રહ્યું છે.

# અમદાવાદના ૯ વર્ષના ટેણિયાએ કેબીસીમાં જીત્યા ૨૫ લાખ




અમદાવાદ,તા.૧૬

બોલિવુડ સુપરસ્ટાર અમિતાભ બચ્ચનનો કૌન બનેગા કરોડપતિનો જુનિયર કિડ્સ સ્પેશિયલ એપિસોડ ચાલી રહ્યો છે. ત્યારે આ હોટ સીટ પર બેસવા માટે અનેક લોકો આતુર હોય છે, પરંતુ કેટલાક લકી લોકો જ ત્યાં સુધી પહોંચી શકે છે. આવામાં અમદાવાદના ૯ વર્ષના ટેણિયાંએ કેબીસીની હોટ સીટ પર પહોંચીને ૨૫ લાખ રૂપિયા જીત્યા છે.

અમિતાભ બચ્ચની સામે હોટ સીટ પર પહોંચનાર લકી ગુજ્જુ બોય એટલે ૯ વર્ષનો આર્ય શાહ. વૈષ્ણોદેવી સર્કલ પાસે રહેતા ગૌતમભાઈ શાહ અને નેહાબેન શાહનો પુત્ર આર્ય શાહ ધોરણ-૪ માં અભ્યાસ કરે છે. આર્ય શાહે ભણવામાં પહેલેથી જ હોશિયાર છે. તેને પુસ્તકો વાંચવાનો શોખ છે. તેથી તેણે કેબીસીના જુનિયર કિડ્સ સ્પેશિયલ એપિસોડમાં જવાનો નિર્ણય કર્યો હતો, અને તેના માતાપિતાએ તેને સાખ આપ્યો. આર્યએ એપ્લિકેશન દ્વારા પૂછાયેલા પ્રશ્નોનો સાચો જવાબ આપ્યો હતો, જેમાં પાસ થતા તેનો મુંબઈ જવાનો રસ્તો ખૂલ્યો હતો. મુંબઈમાં પણ થયેલા વીડિયો ઈન્ટરવ્યૂમાં આર્ય શાહ ક્લિયર થઈ ગયો હતો. જેના બાદ તેનો પર્સનલ ઈન્ટરવ્યૂ થયો હતો, આ બાદ તેનો કેબીસીમાં ઓફિશિયલ પ્રવેશ થયો હતો.

કેબીસી સ્ટેજ પર દરેક કન્ટેસ્ટંટને ૯ સ્પર્ધકો સાથે કોમ્પિટિશન હોય છે. જેમાંથી પાર થઈને તે બિગબી સામે હોટ સીટ પર પહોંચ્યો હતો. ફાસ્ટર ફિંગર ફર્સ્ટમાં આર્યએ શરૂઆતના ૨ પ્રશ્નોના ઝડપથી જવાબ આપ્યા હતા. ત્રીજા પ્રશ્નનો જવાબ પહેલા ના આપ્યો. પરંતુ સારી સ્પીડને કારણે તે હોટ સીટ સુધી પહોંચવામાં સફળ રહ્યો. તેના નામની જાહેરાત થતા જ તેના માતાપિતા ખુશ થઈ ગયા હતા.

# ૫૪ લોકોના મોત બાદ ગ્રામજનોએ દારૂ નહીં પીવાના શપથ લીધા

પટણા,તા.૧૬

બિહારના સારણ જિલ્લામાં ઝેરી દારૂના કેસમાં અત્યાર સુધીમાં ૫૪ લોકોના મોત થયા છે. અહીં સૌથી વધુ મોત મસરખ બ્લોકના બહરૌલી ગામમાં થયા છે. આવી સ્થિતિમાં આ ગામમાં મોટા પાયે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત વહીવટી અધિકારીઓએ અહીંના લોકોને શપથ લેવડાવ્યા છે કે અહીંના લોકો દારૂનું સેવન નહીં કરે. અહીં લોકો વચ્ચે મોટી સંખ્યામાં ચૌપાલોનું આયોજન કરવામાં આવ્યું હતું અને અધિકારીઓએ લોકોને દારૂ નહીં પીવાના શપથ લેવડાવ્યા હતા.

બહરૌલી પંચાયતના વડા અજિત સિંહની પહેલ પર, ગામના લોકો પંચાયત ભવન પર એકઠા થયા હતા જ્યાં અધિકારીઓએ તમામ લોકોને શરાબ નહીં પીવાના શપથ લેવડાવ્યા હતા. શપથ સમારોહમાં સારનના એડીએમ ગગન કુમાર અને મધૌરાના એસડીઓ સહિત ઘણા અધિકારીઓએ ભાગ લીધો હતો. મોટી સંખ્યામાં ગ્રામજનોએ અહીં દારૂ નહીં પીવાના શપથ લીધા હતા. નોંધપાત્ર રીતે, બહરૌલી ગામ ઝેરી દારૂના કેસ પછી અચાનક ચર્ચામાં આવ્યું કારણ કે અહીં સૌથી વધુ મૃત્યુ

### સરદાર પટેલની ૭૨મી પૂણ્યતિથિ નિમિત્તે

# સરદાર સ્મારક શાહીબાગમાં વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી




અમદાવાદ. તા. ૧૬/૧૨/૨૦૨૨

સરદાર વલ્લભભાઈ પટેલના ૭૨માં નિર્વાણ દિન નિમિત્તે તા. ૧૫/૧૨/૨૦૨૨ના રોજ સરદાર પટેલ મેમોરિયલ સોસાયટીના ઉપક્રમે સંસ્થાના અધ્યક્ષશ્રી દિનશા પટેલ તથા સી.એ. શ્રી આર. એસ. પટેલ, મહામંત્રીના માર્ગદર્શન અને પ્રેરણાથી 'સરદાર સાહેબના જીવન કવન' વિશે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિવિધ ૧૦ જેટલી શાળાઓના ધોરણ ૯ થી ૧૧ના ૩૦(ત્રીસ) જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો. સરદાર વલ્લભભભાઈ પટેલના જીવન કાર્ય વિષય પર ખૂબજ અસરકારક વક્તવ્ય આપ્યુ હતું. આ સ્પર્ધામાં પ્રથમ ઈનામ કું. શ્યામલી પાઠક( એરપોર્ટ સ્કૂલ) ,દ્વિતીય ઈનામ દર્શિતા હરીયાણી(એરપોર્ટ સ્કૂલ) , તૃતીય ઈનામ પટેલ અવની ( રામેશ્વર હાઈસ્કુલ , નિકોલ) તેમજ અન્ય શાળાઓના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓએ પ્રોત્સાહક ઈનામો મેળવ્યા હતા. ઉપરોક્ત વિદ્યાર્થીઓને સંસ્થાના સહમંત્રી પ્રો. બાલુભાઈ પટેલ, તથા સીઈઓ એસ.ટી. દેસાઈએ પ્રેરણાદાયક પ્રવચનો કરી વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહીત કર્યા હતા. શ્રી રમણભાઈ પટેલ(ઈન્ડીકા) , ડૉ અનિલ ખત્રી(રોટરી) , લાયન અરવિંદભાઈ , લાયન ગિરીશભાઈ વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહી કાર્યક્રમને શફળ બલાવેલ હતો.

સ્પર્ધાના નિર્ણાયકો તરીકે શ્રીમતી લીનાબેન દોશી, દિપીકા મહેતા અને શ્રી આશિષભાઈ શાહ દ્વારા ઉત્તમ મૂલ્યાંકનની સાથે સાથે સ્પર્ધકોને અત્યંત જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડેલ હતું.

# પૂજ્ય આચાર્ય લોકેશજી અને કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકરેજી એ બ્રહ્માકુમારીઝના ઓમ શાંતિ રીટ્રીટ સેન્ટરના ૨૧મા સ્થાપના દિવસને સંબોધન કર્યું

### સમાજમાં નૈતિક મૂલ્યોના ઉત્થાનમાં બ્રહ્માકુમારી પરિવારનું મહત્વનું યોગદાન - આચાર્ય લોકેશજી

### સ્વસ્થ અને સમૃદ્ધ ભારતના નિર્માણમાં બ્રહ્માકુમારી બહેનોનું વિશેષ યોગદાન – કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરજી

બ્રહ્માકુમારીઝ ઓમ શાંતિ રીટ્રીટ સેન્ટર (ORC), માનેસરના ૨૧મા સ્થાપના દિવસ પર એક ભવ્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્ય ડો.લોકેશજી, કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકરે, ORCના ડાયરેક્ટર બી.કે.આશા દીદી, બી.કે.બ્રિજમોહન ભાઈ અને હજારો બ્રહ્માકુમારી બહેનો અને સંસ્થાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક પ્રમુખ પ્રસિદ્ધ ચિંતક, કવિ, લેખક અને સમાજ સુધારક આચાર્ય લોકેશજીએ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે સંબોધન કર્યું હતું અને બ્રહ્માકુમારી બહેનો દ્વારા કરવામાં આવતી સેવાઓની સફળતા માટે જૈન ધર્મ વતી શુભેચ્છાઓ પાઠવી હતી. ઓમ શાંતિ રીટ્રીટ સેન્ટરના ૨૧મા સ્થાપના દિવસને સંબોધતા આચાર્ય લોકેશજીએ જણાવ્યું હતું કે બ્રહ્માકુમારી એક વિશ્વવ્યાપી સંસ્થા છે, જે શાંતિ સ્થાપવાના કાર્યમાં ખૂબ જ મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. ૮૦૦૦ થી વધુ શાખાઓ અને ૩૦૦૦૦ થી વધુ સમર્પિત બ્રહ્માકુમારી બહેનો દ્વારા વિશ્વભરમાં કરવામાં આવતી સેવાઓની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે સરકાર કરોડો રૂપિયા ખર્ચીને પણ લોકોનું નૈતિક ચારિત્ર્ય ઘડવામાં અસમર્થ છે. છેલ્લા ૨૦ વર્ષનો હિસાબ રજૂ કરતા ઓમ શાંતિ રીટ્રીટ સેન્ટરના વડા બી.કે.આશા દીદીએ કેન્દ્ર દ્વારા હાથ ધરાયેલી પ્રવૃત્તિઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે બ્રહ્માકુમારી પરિવારના અધિક મહામંત્રી બી.કે.બ્રિજમોહનભાઈએ આચાર્ય લોકેશજી અને કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકરેજીનું સ્વાગત કર્યું હતું. કેન્દ્રીય માહિતી પ્રસારણ, રમતગમત અને યુવા બાબતોના મંત્રી, શ્રી અનુરાગ ઠાકરેજી એ જણાવ્યું હતું કે ભારત પણ આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી કરી રહ્યું છે અને યુવાનોને એ અહેસાસ કરાવવો ખૂબ જ મહત્વપૂર્ણ છે કે તમારા અધિકારો




વિશે વાત કરવી યોગ્ય છે, પરંતુ તેઓએ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. યુવાનો પર મોટી જવાબદારીઓ પણ છે કારણ કે વિશ્વ ભારત તરફ જોઈ રહ્યું છે. ૧૯૩૭ માં દાદા લેખરાજ કૃપાલાની દ્વારા સ્થાપના કરવામાં આવ્યા પછી, બ્રહ્માકુમારીઓનું આ સંગઠન હાલમાં ૧૪૦ દેશમાં ફેલાયેલું છે.

તેમણે કહ્યું કે જ્યારે આપણે મનુષ્યની સુખાકારીની વાત કરીએ છીએ, પછી તે સ્વાસ્થ્ય, માનસિક હોય કે શારીરિક, ત્યારે આપણે ધ્યાન વિશે વાત કરીએ છીએ અને ધ્યાન આપણને શારીરિક તંદુરસ્તીની સાથે માનસિક રીતે સ્થિર અને માનસિક રીતે સ્વસ્થ રહેવામાં મદદ કરે છે.

# દેવાયત ખવડ કેસમાં નવો વળાંક, મયુરસિંહ રાણાના પરિવારે પીએમઓના દ્વાર ખખડાવ્યા

રાજકોટ,તા.૧૬

લોક સાહિત્યકાર દેવાયત ખવડ અને તેના સાગરીતો સુધી પહોંચવા માટે જાણે કે પોલીસના હાથ ટૂંકા પડી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. ગત સાતમી ડિસેમ્બરના રોજ દેવાયત ખવડ અને તેના સાગરીતો તરફથી મયુરસિંહ રાણાને માર મારવામાં આવ્યો હતો. જે બાબતે રાજકોટ શહેરના એ ડિવિઝન પોલીસ મથકમાં દેવાયત ખવડ સહિત ત્રણ વ્યક્તિઓ વિરુદ્ધ હત્યાને પ્રયાસ હેઠળ ગુનો પણ નોંધવામાં આવ્યો હતો. જે ગુનામાં આજ દિવસ સુધી દેવાયત ખવડ સહિત ત્રણેય વ્યક્તિઓ પોલીસ પકડથી દૂર છે.દરમિયાન ધરપકડથી બચવા માટે દેવાયત ખવડ દ્વારા કોર્ટમાં આગોતરા જામીન મળે તે માટેની અરજી પણ કરવામાં આવી છે. દેવાયત ખવડને આગોતરા જામીન ન મળે તે માટે એ ડિવિઝન પોલીસ દ્વારા કોર્ટમાં સોગંદનામુ પણ રજૂ કરવામાં આવ્યું છે. જે સોગંદનામામા દેવાયત ખવડ વિરુદ્ધ ભૂતકાળમાં દાખલ થયેલા ત્રણ જેટલા ગુનાઓની માહિતી કોર્ટને આપવામાં આવી છે. આ તમામની વચ્ચે કોર્ટ દ્વારા વધુ સુનાવણી શનિવાર એટલે કે ૧૭મી ડિસેમ્બરના રોજ કરવામાં આવશે.

ઘટનાને નવ નવ દિવસ વીતી ગયા હોવા છતાં એક પણ આરોપી પોલીસના હાથે ન લાગતા ક્ષત્રિય સમાજમાં પણ રોષની લાગણી જોવા મળી રહી છે. ગુરૂવારના રોજ ક્ષત્રિય સમાજ દ્વારા ડીસીપી સુધીરકુમાર દેસાઈને આ બાબતે રજૂઆત પણ કરવામાં આવી હતી. ત્યારે પોલીસ દ્વારા ઘટનામાં સામેલ આરોપીઓને તાત્કાલિક અસરથી પકડી પાડવામાં ન આવતા મયુરસિંહ રાણા ના પરિવારજનો દ્વારા પીએમઓના દ્વાર ખટખટાવવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.સમગ્ર મામલાની ફરિયાદ પીએમઓમાં ઓનલાઈન કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે મયુરસિંહ રાણા પર હુમલો કરનાર દેવાયત ખવડ સહિતના તેના સાગરીતો ક્યારેય ઝડપાય છે તેમજ મયુરસિંહ રાણા અને તેના પરિવારજનોને ક્યારે ન્યાય મળે છે તે જોવું અતિ મહત્વનું બની રહેશે.

## મોરબીના પીપળી ગામ પાસે યુવાનને માર મારીને ૨૯ લાખ રૂપિયાની લૂંટ

મોરબી,તા.૧૬

ગુજરાતમાં દિવસે દિવસે લૂંટની ઘટનાઓમાં વધારો થતો જઈ રહ્યો છે. ત્યારે મોરબી જિલ્લામાં વધુ એક લૂંટની ઘટના સામે આવી છે. પીપળી ગામ પાસે એક યુવાનને માર મારીને ૨૯ લાખ રૂપિયાની લૂંટ કરાઇ હોવાની માહિતી સામે આવી છે. મળતી માહિતી પ્રમાણે આ કર્મચારી કેલી ફેક્ષન ટેકનો કંપની માટે કામ કરે છે. આ કર્મચારી બાઈક પર જઈ રહ્યો હતો ત્યારે તેના બાઈકને કારથી ટક્કર મારી બાદમાં કર્મચારીને માર મારી લૂંટ કરવામાં આવી હોવાનું સામે આવ્યુ છે. અજાણ્યા ત્રણ શખ્સ મોડીરાત્રે ૨૯ લાખ રૂપિયાની લૂંટ કરી ફરાર થઇ ગયા હતા.૧૫ ડિસેમ્બરના રોજ એટલે કે ગઇકાલે મોરબી જિલ્લાના પીપળી ગામ પાસે એક યુવાનને માર મારીને અંદાજે ૨૯ લાખ રુપિયા જેટલી લૂંટ ચલાવવામાં આલી હતી. ચંદ્રેશભાઇ સવજીભાઇ સીરવી નામના વ્યક્તિ કેલી ફેક્ષન ટેકનો પ્રાઇવેટ લિમિટેડ નામની કંપનીમાં કામ કરે છે. ગઇકાલે તેઓ પોતાનું બાઇક લઇને જઇ રહ્યા હતા ત્યારે પાછળથી આવેલા ત્રણ અજાણ્યા શખ્સોએ કાર દ્વારા તેમના બાઇકને ટક્કર મારવામાં આવી હતી અને તેમને પાડી દીધા હતા. બાદમાં તેમની સાથે ઝપાઝપી કરીને માર મારવામાં આવ્યો હતો. બાદમાં ચંદ્રેશભાઇ પાસે રહેલી બેગ લઇ લેવામાં આવી હતી. આ બેગમાં અંદાજે ૨૯ લાખ રૂપિયા હતા. ત્યારે આ રુપિયા ભરેલી બેગ લઇને લૂંટારુઓ ત્યાંથી ફરાર થઇ ગયા હતા.આ સમગ્ર ઘટનાની જાણ થતા જ મોરબી તાલુકા પોલીસ, જીંર સહિતની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. જે પછી પોલીસે ફરિયાદી ચંદ્રેશભાઇ સવજીભાઇ સીરવીનું નિવેદન નોંધીને વધુ તપાસ શરુ કરી છે.

## આર. સી.મિશન શાળા વડતાલ ના શિક્ષક ડૉ. શૈલેષ વાણીયા શૈલ ને રાષ્ટ્રીય ગૌરવ શિક્ષક એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા આવ્યાં

મહેસાણા,

૧૧ ડિસેમ્બર ૨૦૨૨ ગુજરાત, મહેસાણા જીલ્લાના ઉંઝા ઉમિયા માતા કેમ્પસ ખાતે ટીમ મંથન ગ્રુપ દ્વારા અખિલ ભારતીય રાષ્ટ્રીય ગૌરવ શિક્ષક સમ્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું

આ કાર્યક્રમમાં ભારતભરમાંથી ૨૪ રાજ્યોના શિક્ષક મિત્રોએ એટલે ૩૦૮ ફોર્મ ભર્યા વિશિષ્ટ કામગીરી કરતા ૧૭૨ શિક્ષકોની પસંદગી કરવામાં આવી તેમાં નું એક નામ ડૉ. શૈલેષ વાણીયા શૈલ ની પસંદગી કરવામાં આવી હતી .

કુલ ૧૪ રાજય ના શિક્ષક મિત્રો હાજર રહ્યા હતા તેઓ ને ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા આર. સી.મિશન શાળા વડતાલ ના શિક્ષક ડૉ. શૈલેષ વાણીયા શૈલ નું ટીમ મંથન ના પ્રતિનિધિ ગોગબા પ્રા. શાળાના આચાર્યશ્રી શૈલેષ પ્રજાપતિ દ્વારા ઓનલાઈન પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું . ટીમ મંથન ગ્રુપના રાષ્ટ્રીય મોટીવેટર શૈલેષભાઇ પ્રજાપતિ દ્વારા તમામ સન્માનિત શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

## નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પલેક્સનું કામ હવે આગળ વધશે, અમિત શાહે કામગીરી અંગેની સમીક્ષા કરી

અમદાવાદ,૧૬

અમદાવાદમાં હાલમાં પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવ ચાલી રહ્યો છે. ગઈકાલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ત્યાં હાજરી આપી હતી. તેમની સાથે ગુજરાતના ઉદ્યોગપતિઓ પણ હાજર હતાં. ત્યારે આજે અમિત શાહે સર્કિટ હાઉસ ખાતે બેઠક કરી છે. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યકક્ષાના મંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યાં છે. આ બેઠકમાં નારણપુરામાં તૈયાર થનારા સ્પોર્ટ્સ કોમ્પલેક્સના કામની પ્રગતિ અંગે સમીક્ષા કરવામાં આવશે.

અમદાવાદના નારણપુરામાં કરોડોના ખર્ચે સ્પોર્ટ્સ કોમ્પલેક્સ તૈયાર થનાર છે. ૨૦.૩૯ એકર જમીનમાં રૂ.૬૩૧.૭૭ કરોડના ખર્ચે બનનારા ઈન્ટરનેશનલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અમદાવાદ ઓલિમ્પિકની તૈયારીઓ માટે સજ્જ થઈ જાય એ પ્રકારની સુવિધાઓ આ કોમ્પલેક્સમાં હશે. આ સ્પોર્ટસ કોમ્પલેક્ષમા આંતરારાષ્ટ્રીય તથા રાષ્ટ્રગીત રમતોની સાથે સાથે પ્રાદેશિક રમતગમતો પણ પ્રોત્સાહન મળી શકે તે મુજબ ડિઝાઈન કરવામાં આવી છે.આ આંતરરાષ્ટ્રીય કક્ષાના રમતગમત સંકુલને ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવી રહ્યું છે.

અમિત શાહ આવતી કાલે અમદાવાદમાં પોતાના મતવિસ્તારના ધારાસભ્યો સાથે બેઠકો કરશે. આ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ હાજર રહેશે.

બેસણું




**સ્વ. પ્રભાબેન નવનીતલાલ વ્યાસ**

દિલગીરી સાથે જણાવવાનું કે ગામ-દેકાવાડા નિવાસી
અમારા માતાશ્રી સ્વ. પ્રભાબેન નવનીતલાલ વ્યાસ (ઉ.વ. ૭૧)
તા. ૮-૧૨-૨૦૨૨, ગુરૂવાર ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
પરમ કૃપાળુ પરમાત્મા એમના આત્માને શાંતિ આપે એજ પ્રભુને પ્રાર્થના.
તેમનું સદ્ગતનું બેસણું તા. ૧૭-૧૨-૨૦૨૨ શનિવારના રોજ સવારે ૮ થી ૧૨ કલાકે રાખેલ છે.

સરનામું
બી-૭, શિવાલિક બંગ્લોઝ
પિલર નં. ૧૫૯, વસ્ત્રાલ રોડ, વસ્ત્રાલ, અમદાવાદ-૩૮૨૪૧૮
મો. ૯૮૨૫૦૬૭૦૫૫, ૯૯૨૫૩૪૭૪૭૯, ૯૯૨૫૬૭૮૨૨૨

શોકમગ્ન પરિવાર
વિનોદચંદ્ર ઈશ્વરલાલ વ્યાસ (ભાઈ) પરેશકુમાર નવનીતલાલ વ્યાસ (પુત્ર)
સુધીરકુમાર ઈશ્વરલાલ વ્યાસ (ભાઈ) રોનકકુમાર નવનીતલાલ વ્યાસ (પુત્ર)

-: નોંધ :-
પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે સાથે રાખેલ છે.
હર્ષદરાય લલ્લુરામ ભટ્ટ અશોકભાઈ બાલકૃષ્ણ ભટ્ટ
ભુપેન્દ્રભાઈ યશવંતરાય ભટ્ટ હરીશચંદ્ર બાલકૃષ્ણ ભટ્ટ

# ૨૩ ડીસેમ્બર -૨૦૨૨ "રાષ્ટ્રિય કિસાન દિવસ" નાં અનુસંધાને " રાષ્ટ્ર નાં વિકાસ માં આધુનિક ખેતી પધ્ધતિ નો ફાળો" વક્તૃત્વ સ્પર્ધા માં ભાગ લેવાં બાબતે

*જય ભારત જય વિજ્ઞાન સહ ઉપરોક્ત વિષય નાં અનુસંધાને "ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજરાત સરકાર) ગાંધીનગર પ્રેરિત "આર્યભટ્ટ" લોક વિજ્ઞાન કેન્દ્ર મોરબી દ્વારાં ૨૩-ડીસેમ્બર -"રાષ્ટ્રિય કીસાન દિવસે" ભારત ખેતી પ્રધાન દેશ છે. આપણાં દેશ નાં ૭૦ %. લોકો નો જીવનનિર્વાહ જ્યાં ખેતી દ્વારાં થાય છે અને કીસાન આપણાંદેશ નાં ૭૦ % લોકો નો જીવન નિર્વાહ જ્યાં ખેતી દ્વારા થાય છે .*

*કીશાન આપણાં દેશ ની કરોડરજ્જુ સમાન છે. જ્યાં ખેતી ને શ્રેષ્ઠ કહેવામાં આવે છે.*

*"રાષ્ટ્રિય કીસાન દિવસ "નાં અનુસંધાને વક્તૃત્વ સ્પર્ધા રાખેલ છે*

*વક્તૃત્વ નો વિષય:- "રાષ્ટ્ર નાં વિકાસ માં આધુનિક ખેતી પધ્ધતિ નો ફાળો "*

*સ્પર્ધા સ્થળ:- "આર્યભટ્ટ" લોક વિજ્ઞાન કેન્દ્ર, ધી વી. સી. ટેક. હાઈસ્કૂલ રૂમ નં. ૨૦૨ મોરબી ખાતે કેટેગરી મુજબ હાજર રહેવું .*

*સ્પર્ધા તા.:- ૨૩- ડિસેમ્બર ૨૦૨૨*

*સ્પર્ધા સમય :- સવારે ૧૦=૦૦ થી ૪=૦૦*

*કેટેગરી -૧ (ધો- ૧,૨,૩,૪) અનુકુળ સમય લખો*

*કેટેગરી -૨ (ધો- ૫,૬,૭,૮) અનુકુળ સમય લખો.*

*કેટેગરી-૩ (ધો- ૯,૧૦,૧૧,૧૨) અનુકુળ સમય લખો.*

*કેટેગરી - ૪ (કોલેજ નાં વિધાર્થીઓ,શિક્ષકમિત્રો તથા વાલીઓ) અનુકુળ સમય લખો*

*સ્પર્ધા માં ભાગ લેવા-યોગ્ય વ્યવસ્થા માટે એન્ટ્રિ મોકલવા ની છેલ્લી તારીખ ૨૧/૧૨ /૨૦૨૨ રાત્રે ૯=૦૦ કલાક સુધી માં મોકલી આપો નીચે દર્શાવેલ કોઈપણ એક નંબર પર મોકલી આપો.*

*૯૮૨૪૯ ૧૨૨૩૦ / ૯૭૨૭૯ ૮૬૩૮૬*

*બહારગામ નાં સ્પર્ધકો ને મુસાફરી ખર્ચ (એસ. ટી. બસ. ભાડુ) તથા ભોજન વ્યવસ્થા વિજ્ઞાન કેન્દ્ર તરફ થી રાખેલ છે.*

*અન્ન બગાડતાં પહેલાં વિચારો, અનાજ ને ઉગાડવા કેટલો બધો સમય લાગે છે.*

*"હોલા ઉડે હેત થી અને બીતા ઉડે બાજ*

*ચોર સીમાડાં ન ચડે જ્યાં ખેતર માં હોય કીસાન"*

*આભાર સહ ધન્યવાદ*

*હું અન્ન નો બગાડ નહિં કરું અને બગાડ થતો રોકીશ.*

*આપના મિત્ર-સર્કલ તથા અન્ય ગૃપ માં આ સ્પર્ધા અંગે જરૂર જાણ કરશો*

*એલ.એમ.ભટ્ટ.*

*દિપેનભાઈ ભટ્ટ*

*"આર્યભટ્ટ" લોક વિજ્ઞાન કેન્દ્ર ધી વી. સી. ટેક. હાઈસ્કૂલ રૂમ. નં..૨૦૨ મોરબી*

## વડોદરામાં ફરીવાર જૂથ અથડામણ: બોલાચાલી બાદ મામલો ઉગ્ર બનતા પથ્થરમારો, પથી વધુ લોકો ઈજાગ્રસ્ત

વડોદરા,તા.૧૬

વડોદરામાં છાશવારે પથ્થરમારો થયાની ઘટનાઓ સામે આવતી રહેતી હોય છે. ત્યારે વધુ એક વખત વડોદરામાં જૂથ અથડામણની ઘટના સામે આવી છે. શહેરના સાવલીના તલાવડી વિસ્તારમાં બે જૂથ વચ્ચે પથ્થરમારો થતા સમગ્ર વિસ્તારમાં વાતાવરણ ઉગ્ર બન્યું હતું.તલાવડી વિસ્તારમાં એકાએક બે જૂથ વચ્ચે બોલાચાલી થતા મામલો ઉગ્ર બનતા બંને જૂથ વચ્ચે પથ્થરમારો શરૂ થઇ ગયો હતો. જેમાં પથી વધુ લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે. જોકે આ ઘટનાની પોલીસને જાણ થતા જ તુરંત ઘટનાસ્થળે સાવલી પોલીસ પહોંચી ગઇ હતી. બાદમાં પોલીસે ટોળાને વિખેરી સમગ્ર મામલો થાળે પાડ્યો હતો. હાલમાં આ ઘટનામાં ઈજાગ્રસ્તોને સારવાર અર્થે સાવલીની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.ઈજાગ્રસ્તને માથાના ભાગે વાગેલું હોવાથી તેઓને તાત્કાલિક ૧૦૮ મારફતે તેઓને સાવલીની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ સમગ્ર મામલો થાળે પાડતા ફરિયાદી કાર્યવાહી પણ પોલીસે હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, દિવાળીના સમયગાળામાં પણ વડોદરાના પાણીગેટ વિસ્તારમાં પથ્થરમારો, આંગચંપી અને તોડફોડની ઘટના ઘટી હતી. બે જૂથ વચ્ચે બોલાચાલી બાદ દિવાળી ટાણે જ પાણીગેટ વિસ્તારમાં સ્થિતિ વણસી હતી. જેમાં તોફાની તત્વોએ પોલીસની ટીમ પર પણ પેટ્રોલબોમ્બ ફેંક્યા હતા. જ્યાર બાદ ઉચ્ચ પોલીસ અધિકારીઓએ વણસેલી સ્થિતિને કાબૂમાં લઇ સમગ્ર વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ દ્વારા કોમ્બિંગની પ્રક્રિયા હાથ ધરી હતી.

# ગુજરાત વિદ્યાપીઠમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કોર્પોરેશનના સફાઈકર્મીઓને સાથે લઈને જાતે સફાઈ અભિયાન આદર્યું

## 'ગાંધીયન' કહેવડાવતા લોકોની વ્યવસ્થામાં અપાર ગંદકીથી શ્રી આચાર્ય દેવવ્રતજી વ્યથિત

મહાત્મા ગાંધીજીના સપનાને સાકાર કરનાર સંસ્થાન ગુજરાત વિદ્યાપીઠ પરિસરની ગંદકી જોઈને રાજ્યપાલ અને ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી આચાર્ય દેવવ્રતજી એટલા દુ:ખી અને વ્યથિત થયા છે કે તેઓ સ્વયં હાથમાં પાવડો-ઝાડુ લઈને વિદ્યાપીઠ પરિસરમાં સ્વચ્છતા અભિયાન ચલાવી રહ્યા છે. આજે શ્રી આચાર્ય દેવવ્રતજીએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સફાઈકર્મીઓ સાથે મળીને વિદ્યાપીઠના પરિસરમાં જાતે શ્રમયજ્ઞ કરીને સફાઈ કરી હતી.

રાજ્યપાલ અને ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીએ છેલ્લા પંદર દિવસથી વિધાપીઠ પરિસરમાં સ્વચ્છતા અભિયાન ઉપાડ્યું છે. પોતાની જાતને 'ગાંધીયન' ગણાવતા વ્યવસ્થાપકોની વ્યવસ્થામાં ગુજરાત વિદ્યાપીઠ સ્વચ્છતાની દ્રષ્ટિએ ગંદકીનું ઘર બની ગઈ છે. પૂજ્ય ગાંધીજીનું આદર્શ વાક્ય હતું કે, ×આપણા શૌચાલયો એટલા સ્વચ્છ હોવા જોઈએ કે, ત્યાં બેસીને સંધ્યા-પૂજા કરવાનું મન થાય.× તેને બદલે ગુજરાત વિદ્યાપીઠના છાત્રાલયોના શૌચાલયો અને સ્નાનાગાર પૂર્ણત: ગંદકીથી ભર્યા પડ્યા છે. સ્નાનગૃહોમાં તમાકુના પાઉચ, તૂટેલી પાઈપો અને છાત્રાલયની ગંદી દીવાલો, તૂટેલા પંખા, વિદ્યાર્થીઓના બેહદ ગંદા બિસ્તર અને પારાવાર ગંદકી જોઈને શ્રી આચાર્ય દેવવ્રતજી અત્યંત વ્યથિત થયા હતા.પૂજ્ય ગાંધીજીના આદર્શો પર ચાલતી સંસ્થામાં ભણતા અને રહેતા વિદ્યાર્થીઓ તમાકુનું સેવન તો ન જ કરતા હોવા જોઈએ. તેને બદલે છાત્રાલયની દિવાલો પર તમાકુની થૂંકની પિચકારીઓ અને લાલ થઈ ગયેલી ફર્શ જોઈને શ્રી આચાર્ય દેવવ્રતજી ખૂબ દુ:ખી થયા હતા. આજે સવારે તેઓ એકાએક ગુજરાત વિદ્યાપીઠ પહોંચ્યા હતા અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૨૫ થી ૩૦ જેટલા સફાઈ કામદારોને બોલાવીને સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું હતું. ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી રાજેન્દ્ર ખીમાણી અને રજીસ્ટ્રાર શ્રી નિખિલ ભટ્ટને પણ તેમણે સમગ્ર વિદ્યાપીઠ પરિસરમાં સ્વચ્છતા જાળવવાનો આગ્રહ કર્યો હતો. આ વેળાએ અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. થેન્નારર્સન, નાયબ મ્યુનિસિપલ કમિશનર શ્રી આઈ. કે. પટેલ, શ્રી સી. આર. ખારસાણ, મદદનીશ કમિશનર શ્રી રાહુલ શાહ અને અન્ય ઉચ્ચ અધિકારીઓએ ઉપસ્થિત રહીને સ્વચ્છતા અભિયાનમાં સક્રિય યોગદાન આપ્યું હતું.રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે અનુસ્નાતક છાત્રાલય સંકુલ, યોગ વિદ્યા વિભાગ અને પ્રાર્થનાસભા સંકુલની મુલાકાત લીધી હતી. આ સ્થળોની પરિસ્થિતિ નિહાળીને તેઓ દુ:ખી થયા હતા. 'ગાંધીયન' વિચારસરણી સાથે કામ કરતી સંસ્થામાં વાસ્તવિક સ્થિતિ કેટલી વિપરીત છે ! 'ગાંધીયન' ગંદકીમાં નિવાસ કરી રહ્યા છે. ગાંધીવિચાર સાથે કામ કરતી સંસ્થાની સ્થિતિથી દુ:ખી થઈને તેમણે સ્વયં સ્વચ્છતા અભિયાન ઉપાડ્યું છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાત વિદ્યાપીઠની મુલાકાત વેળાએ કહ્યું હતું કે, યુવા વિદ્યાર્થીઓ ભારે ઉર્જાવાન હોય છે. એમની ઊર્જાને સર્જનાત્મક અને હકારાત્મક બાબતો તરફ વાળવી પડે. દરેક યુવાનોએ દિવસમાં બે વખત પરસેવો પાડવો જ પડે, અન્યથા એ નુકસાનકર્તા સાબિત થાય. ગુજરાત વિદ્યાપીઠના રમતગમતના મેદાનો સૂના પડ્યા છે. રમતગમતના એક પણ સાધનો નથી. રમતના મેદાનો પર ઘાસ ઉગી નીકળ્યું હોય એ જ બતાવે છે કે પરિસ્થિતિ કેટલી ગંભીર છે. પૂજ્ય ગાંધીજીના વિચારો જ્યાં જીવંત છે એ સંસ્થાને આપણે પૂજ્ય ગાંધીજીના વિચારોને અનુરૂપ બનાવવાની છે એમ તેમણે કહ્યું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.